# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 29-09-2026 I VOL : 12 I Issue : 194 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

વિશ્વાસ તૂટે ત્યારે સંબંધ નહીં, યાદો રહી જાય છે.


3 
મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માંગ સાથે રસ્તા પર ઉતરેલા કાર્યકરોની...

4 
સિતારાઓની ચમક પાછળનું એકાંત : વિનોદ કાંબલીની કહાણી...

6 
મુંબઈ ઇન્કમ ટેક્સના રડારમાં આવ્યું બોલિવુડ, રકુલપ્રીત સિંહ અને...

7 
ઈન્ડિયા અંડર-19એ ઓસ્ટ્રેલિયાને 217 રનમાં ઓલઆઉટ કર્યું


## આગ્રામાં જ્ઞાનેશ કુમારના ઘરની દીવાલો પર કાળો રંગ લગાવાયો

# જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ કોંગ્રેસનું 8 રાજ્યોમાં પ્રદર્શન

ભોપાલ

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગને લઈને દેશના વિવિધ રાજ્યોમાં સોમવારે પ્રદર્શનો થઈ રહ્યા છે. યુપીના આગ્રામાં કોંગ્રેસ કાર્યકરોએ જ્ઞાનેશ કુમારના ઘર પર કાળો રંગ લગાવ્યો અને લખ્યું- 'જ્ઞાનેશ કુમાર ગદ્દાર, મત ચોર'. રાજસ્થાનના જયપુરમાં શહીદ સ્મારક ખાતે સભા બાદ કોંગ્રેસ નેતાઓએ ચૂંટણી પંચની કચેરી સુધી પગપાળા માર્ચ કાઢ્યો. પોલીસે બેરિકેડિંગ કરીને કોંગ્રેસ કાર્યકરોને રોક્યા.

પોલીસે પૂર્વ સીએમ અશોક ગેહલોત અને પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ગોવિંદ સિંહ સહિત કાર્યકરો પર વોટર કેનન ચલાવ્યું. રાજસ્થાન પ્રદેશ કોંગ્રેસ કમિટી 'મત ચોરી'ના મુદ્દે ચૂંટણી પંચ વિરુદ્ધ વિરોધ-પ્રદર્શન કરી રહી છે. શહીદ સ્મારક ખાતે સભા બાદ ચૂંટણી પંચની કચેરી સુધી પગપાળા માર્ચ માટે કૂચ કરી. પોલીસે બેરિકેડિંગ કરીને કોંગ્રેસના કાર્યકર્તાઓને રોકી દીધા. આ દરમિયાન કાર્યકર્તાઓની પોલીસ સાથે અથડામણ થઈ ગઈ. લખનઉમાં ચૂંટણી પંચની કચેરીનો ઘેરાવ કરવા જઈ રહેલા કોંગ્રેસ કાર્યકર્તાઓને પોલીસે રોક્યા તો તેઓ પોલીસ સાથે અથડામણ થઈ. મધ્યપ્રદેશમાં SIRના વિરોધમાં ભોપાલમાં કોંગ્રેસનું પ્રદર્શન ચાલુ છે. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ જીતુ પટવારના નેતૃત્વમાં કાર્યકરો મુખ્ય ચૂંટણી અધિકારી (CEO)ની કચેરીનો ઘેરાવ કરવા પહોંચ્યા છે. આ દરમિયાન પોલીસ અને કાર્યકરો વચ્ચે ધક્કામુક્કી થઈ હતી. કેટલાક કાર્યકરો બેરિકેડ્સ પર પણ ચઢી ગયા હતા.



## નાગરિકતા નક્કી કરવાનું કામ ચૂંટણી પંચનું નથી...', SIR અંગે સુપ્રીમ કોર્ટના પૂર્વ જજનું મોટું નિવેદન

નવી દિલ્હી



સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ સુધાંશુ ધુલિયાએ જણાવ્યું છે કે કોઈપણ વ્યક્તિની નાગરિકતા નક્કી કરવી એ ચૂંટણી પંચનું કામ નથી. તેમણે સ્પષ્ટ કર્યું કે સુપ્રીમ કોર્ટે પોતાના અનેક નિર્ણયોમાં નાગરિકતા સાથે જોડાયેલા કાયદાની સ્થિતિને પહેલેથી જ સ્પષ્ટ કરી દીધી છે. તેમના જણાવ્યા અનુસાર, નાગરિકતા નક્કી કરવાનો અધિકાર માત્ર કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ક્ષેત્રાધિકારમાં આવે છે. જસ્ટિસ ધુલિયાએ શુક્રવારે એક કાર્યક્રમમાં આ મહત્ત્વપૂર્ણ વાત કહી હતી. તેમણે જુલાઈ 2025માં બિહારની મતદાર યાદીના વિશેષ સઘન પુનરીક્ષણ (SIR)ની સુનાવણી દરમિયાન આપવામાં આવેલી તેમની ટિપ્પણી વિશે પૂછવામાં આવ્યું હતું. તે સમયે તેમણે કહ્યું હતું કે નાગરિકતાનો મુદ્દો ચૂંટણી પંચના બદલે ગૃહ મંત્રાલય દ્વારા નક્કી થવો જોઈએ. મતદાર યાદી અને દસ્તાવેજો અંગેની સ્પષ્ટતા જસ્ટિસ સુધાંશુ ધુલિયાએ જણાવ્યું હતું કે મતદાર માટે ભારતીય નાગરિક હોવું અનિવાર્ય છે, પરંતુ આ પ્રક્રિયામાં ખૂબ વધુ કડક શરતો ન લાદવી જોઈએ. તેમણે ઉલ્લેખ કર્યો કે તે સમયે મારી સમક્ષ આધાર અને વોટર કાર્ડ સ્વીકારવાનો મુદ્દો આવ્યો હતો.

## કેદારનાથ ટ્રેક પર કુદરતનો પ્રકોપ! 1500 ભક્તોનું રેસ્ક્યૂ

દહેરાદૂન

ઉત્તરાખંડમાં ભારે વરસાદ, ભૂસ્ખલન અને હિમવર્ષાના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ કુદરતી આફતના કારણે કેદારનાથ યાત્રા માર્ગ પર અંદાજે 1500 જેટલા શ્રદ્ધાળુઓ ફસાયા હતા, જેમનું સરકાર દ્વારા સફળતાપૂર્વક સુરક્ષિત રેસ્ક્યૂ કરી લેવામાં આવ્યું છે. આ ઉપરાંત, દુર્ગમ કાલિંદી ટ્રેક પર ફસાયેલા 100થી વધુ ટ્રેકર્સને બચાવવા માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. SDRFના જણાવ્યા અનુસાર, રવિવારની મોડી રાત્રે સોનપ્રયાગ પોલીસને સૂચના મળી હતી કે ગૌરીકુંડથી લગભગ 3 કિલોમીટર આગળ ચીડબાસા વિસ્તારમાં ભૂસ્ખલનને કારણે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ રસ્તાની પેલે પાર ફસાયા છે.

## જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથેના દેખાવોની મંજૂરી ન મળતાં CJP 'જેલ ભરો આંદોલન' ચલાવશે

નવી દિલ્હી



કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા રવિવારે જણાવવામાં આવ્યું છે કે મુંબઈ પોલીસે આગામી 2 ઓક્ટોબરના રોજ યોજાનાર પ્રદર્શન માટે મંજૂરી આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. આ મામલે પાર્ટીના સંસ્થાપક અભિજિત દિપકેએ જણાવ્યું છે કે જો પ્રદર્શનની મંજૂરી નહીં મળે, તો પાર્ટી ગાંધી જયંતિના પવિત્ર દિવસે મુંબઈમાં ઉગ્ર 'જેલ ભરો આંદોલન' કરશે. સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયા અને આક્ષેપો પાર્ટી તરફથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટ શેર કરીને કહેવામાં આવ્યું છે કે, ''મતદાન કરવાનો અધિકાર' છીનવી લીધા બાદ હવે નાગરિકોના 'શાંતિપૂર્ણ પ્રદર્શન કરવાનો અધિકાર' પણ છીનવાઈ રહ્યો છે.' અભિજિત દિપકેએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે, 'પોલીસનો આ નિર્ણય જનતાને પોતાની વાત રજૂ કરતા અટકાવવાની એક વધુ કોશિશ છે. જનતાનો અવાજ દબાવવાના આવા પ્રયાસો ક્યારેય સહન કરવામાં આવશે નહીં.'

# કરજણના પાછીયાપુરામાં બિસ્માર રોડ સામે રોષનો અગ્નિ: 'બેસણા' બાદ હવે અનોખી 'રસ્તાની વર્ષી' મનાવી ગ્રામજનોનો હુંકાર!

## 'ધારાસભ્યની છત્રછાયામાં ધમધમતું રેતી ખનન અને નર્મદા નદીનું ચીરહરણ: તંત્ર અને પોલીસના હપ્તાખોરી સામે જનતા હવે ગાંધીનગર ધમાકો કરવા તૈયાર!'

પાક્કો ગુજરાત

વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાંથી એક અત્યંત સનસનાટીભર્યા અને સરકારની ઊંઘ ઉડાડી દે તેવા સમાચાર સામે આવી રહ્યા છે.

કરજણ તાલુકાના પાછીયાપુરા ખાતે નારેશ્વર-પાલેજ રોડની અત્યંત દયનીય અને ખખડધજ બિસ્માર હાલતને લઈને સ્થાનિક ગ્રામજનોનો રોષ આખરે રસ્તા પર ફાટી નીકળ્યો છે. ભ્રષ્ટ તંત્ર અને નિષ્ક્રિય નેતાઓની આંખ ખોલવા માટે ગ્રામજનોએ અનોખો વિરોધ નોંધાવતા 'રસ્તાની વર્ષી' યોજીને સરકારની નપુંસક નીતિ સામે ઉગ્ર આક્રોશ વ્યક્ત કર્યો છે.





### 15 દિવસ અગાઉ 'બેસણું' યોજાયું છતાં તંત્રના કાન પર જ સુધી ન સરકી!

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, આ બિસ્માર માર્ગના સમારકામ માટે અગાઉ ૧૫ દિવસ પહેલાં તંત્રની લાપરવાહી સામે અનોખી રીતે 'બેસણું' યોજીને વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. તેમ છતાં, સરકારી બાબુઓ અને સ્થાનિક સત્તાધીશોના પેટનું પાણી હલ્યું નહીં અને રોડની સ્થિતિ જસની તસ રહી. પરિણામે, આજે ગ્રામજનોએ રોષે ભરાઈને રસ્તાની વર્ષી મનાવવાનો આક્રમક માર્ગ અપનાવ્યો છે.

### ધારાસભ્ય અક્ષય પટેલ વિરૂદ્ધ ઉગ્ર વિરોધ: રેતી ખનન અને હપ્તાખોરીના ગંભીર આક્ષેપો

આ વિરોધ પ્રદર્શન દરમિયાન સ્થાનિક લોકોએ કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ વિરૂદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર અને પ્રદર્શન કર્યું હતું. ગ્રામજનોએ ખુલ્લેઆમ આક્ષેપ કર્યો છે કે ધારાસભ્યની પ્રત્યક્ષ કે પરોક્ષ છત્રછાયામાં જ નર્મદા નદી પટમાં બેફામ રેતી ખનન ચાલી રહ્યું છે. કરોડો રૂપિયાની રોયલ્ટીની ચોરી કરવામાં આવી રહી છે, છતાં ગાંધીનગરમાં બેઠેલા ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે.

સ્થાનિકોનો આરોપ છે કે દર મહિને તંત્ર દ્વારા હપ્તા ભરી-ભરીને ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે. અનેક લેખિત ફરિયાદો કરવા છતાં તંત્ર કે પોલીસ દ્વારા કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. એટલું જ નહીં, કરજણ તાલુકા પોલીસ પણ ખુલ્લેઆમ ભ્રષ્ટાચારમાં સામેલ હોઈ હપ્તા લઈને ચૂપ બેઠી હોવાના ગંભીર ધડાકા સ્થાનિકોએ કર્યા છે.

### મુખ્યમંત્રી સુધી રજૂઆત છતાં પરિણામ શૂન્ય!

ગ્રામજનોએ જણાવ્યું હતું કે આ ગંભીર મુદ્દે અગાઉ રાજ્યના મુખ્યમંત્રીને પણ લેખિત રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ હજુ સુધી કોઈ જ કાયદેસરની કે નિવારક કાર્યવાહી કરવામાં આવી નથી. નર્મદા નદીમાં સક્રિય થયેલા ખનન માફિયાઓ એટલા બેફામ બન્યા છે કે તેમને કાયદો કે પોલીસનો કોઈ જ ડર રહ્યો નથી.

હવે આરપારની લડાઈ: ગાંધીનગર ખાતે આંદોલનની ચીમકી

રોડ-રસ્તાઓની બિસ્માર હાલત અને ખનન માફિયાઓની આતંકવાદી પ્રવૃત્તિઓથી ત્રાસી ગયેલા પાછીયાપુરા અને આસપાસના ગ્રામજનોએ હવે આરપારની લડાઈ લડી લેવાનો મનસૂબો બનાવી લીધો છે.

જો વહેલી તકે આ માર્ગનું સમારકામ નહીં થાય અને ખનનખોરો સામે કાયદેસરનો સકંજો નહીં કસાય, તો આગામી દિવસોમાં ગાંધીનગર ખાતે ઉગ્ર આંદોલન શરૂ કરવામાં આવશે તેવી કડક ચીમકી સ્થાનિકો દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

## એક નજર...

### પલક તિવારીનો કિલર લુક: બ્લેક ટોપ અને ડેનિમમાં આપ્યા પોઝ



પલક તિવારી લોકપ્રિય ટીવી અભિનેત્રી શ્વેતા તિવારીની દીકરી છે અને તેણે પોતાની મહેનતથી બોલિવૂડમાં અલગ ઓળખ બનાવી છે.

પલકને ખરી લોકપ્રિયતા પંજાબી સિંગર હાર્ડી સંધુના સુપરહિટ મ્યુઝિક વીડિયો 'બિજલી બિજલી' થી મળી હતી, ત્યારબાદ તે 'બિજલી ગર્લ' તરીકે પણ જાણીતી થઈ.

## NEWS TRACK

### બ્રિટનમાં અમેરિકન એરબેઝ નજીક આતંકવાદી કાવતરાની આશંકા:5ની ધરપકડ, 85 ઘર ખાલી કરાવ્યાં

બ્રિટનમાં અમેરિકન વાયુસેનાના ઉપયોગ હેઠળના એરબેઝ નજીક આતંકવાદી કાવતરાની આશંકામાં 5 લોકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસને રવિવારે વહેલી સવારે એરબેઝ તરફ જઈ રહેલી 3 શંકાસ્પદ ગાડીઓની જાણકારી મળી હતી. ત્યારબાદ વિસ્તારમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું અને આસપાસના ગામના 85 ઘરો ખાલી કરાવવામાં આવ્યા. આ એરબેઝ ઈંગ્લેન્ડના ગ્લોસ્ટરશાયરમાં RAF ફેરફોર્ડ તરીકે ઓળખાય છે. પોલીસ મુજબ, ધરપકડ કરાયેલા લોકો પર આતંકવાદી હુમલો કરવાની તૈયારી અને વિસ્ફોટકો સાથે સંબંધિત ગુનાઓમાં સંડોવણીની શંકા છે. રવિવારની સાંજ સુધી પાંચેય પોલીસ કસ્ટડીમાં હતા. અમેરિકન વાયુસેના માર્ચથી RAF ફેરફોર્ડ એરબેઝનો ઉપયોગ ઈરાન વિરુદ્ધ હુમલા શરૂ કરવા માટે કરી રહી છે. તાજેતરના દિવસોમાં અમેરિકન લડાકુ વિમાનોએ અહીંથી ઈરાન વિરુદ્ધ હુમલાઓ માટે ઉડાન ભરી હતી. BBC અનુસાર, એક સ્થાનિક મહિલાએ રવિવારે વહેલી સવારે એરબેઝ નજીક શંકાસ્પદ પ્રવૃત્તિ જોઈને પોલીસને જાણ કરી હતી.

### ટ્રમ્પે કહ્યું- ઈરાન સામે ટૂંક સમયમાં યુદ્ધ જીતીશું:યુદ્ધ પૂરું થતાં જ તેલની કિંમતો ઘટશે

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે અમેરિકા ઈરાન સાથેનું યુદ્ધ ટૂંક સમયમાં જીતી જશે. ટ્રમ્પે રવિવારે ફોક્સ ન્યૂઝ સાથેની વાતચીતમાં આ વાત કહી હતી. તેમણે કહ્યું કે યુદ્ધ પૂરું થતાં જ દુનિયાભરમાં તેલના ભાવમાં ઝડપથી ઘટાડો થશે. ટ્રમ્પે કહ્યું કે ઈરાનને પરમાણુ હથિયારો બનાવવાથી રોકવું એ અમેરિકાનું સૌથી મોટું લક્ષ્ય છે. ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે શું મિડટર્મ ચૂંટણી પહેલાં અમેરિકન સૈન્ય હુમલા ફરી શરૂ થઈ શકે છે. તેમણે તેની શક્યતાને નકારી નહોતી. ટ્રમ્પે કહ્યું, "આ શક્ય છે, પરંતુ હું આ વિશે કંઈ કહેવા માંગતો નથી." ટ્રમ્પે કહ્યું કે અમેરિકા સૈન્ય કાર્યવાહી અને આર્થિક પ્રતિબંધો, બંને દ્વારા ઈરાન પર દબાણ બનાવી રહ્યું છે. તેમણે દાવો કર્યો કે સૈન્ય મોરચે અમેરિકા પહેલેથી જ જીતી ગયું છે, જોકે તેનો અર્થ એ નથી કે કાર્યવાહી સંપૂર્ણપણે અટકી ગઈ છે. ઈરાનની અર્થવ્યવસ્થા પર ટ્રમ્પે કહ્યું કે તેની ચલણની કિંમત ઘટી ગઈ છે અને મોંઘવારી ઝડપથી વધી છે. તેમણે ઈરાનમાં મોંઘવારી દર લગભગ 300% હોવાનો દાવો કર્યો.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# ગુજરાતમાં 'ઉડતા પંજાબ' જેવી સ્થિતિ, ભાવનગર દારૂકાંડમાં હપ્તાશાહીના જોરે લીંપણ થયું: અમિત ચાવડાનો સરકાર પર પ્રચંડ પ્રહાર!

ગાંધીનગર

ગુજરાતમાં દારૂબંધીના કાગળ પરના દાવાઓ વચ્ચે કોંગ્રેસના દિગ્ગજ નેતા અને ધારાસભ્ય અમિત ચાવડાએ રાજ્ય સરકાર સામે અત્યંત આક્રમક અને વિસ્ફોટક નિવેદનો આપીને રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. ભાવનગર દારૂકાંડ મુદ્દે સરકાર પર પ્રહારો કરતા અમિત ચાવડાએ સીધા આક્ષેપ કર્યા છે કે, ગુજરાતમાં હવે પંજાબની જેમ 'ઉડતા ગુજરાત' જેવી ભયાનક સ્થિતિ પેદા થઈ ગઈ છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડી રહ્યા છે અને અસામાજિક તત્વો બેફામ બન્યા છે. અમિત ચાવડાએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ચર્ચાસ્પદ બનેલા ભાવનગર દારૂકાંડમાં સરકાર કે પોલીસ તંત્ર દ્વારા કોઈ જ કડક કે દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવી નથી. મોટા માથાઓ અને મુખ્ય સૂત્રધારકોને છાવરવામાં આવી રહ્યા છે, જેના કારણે ગુનેગારોના હોંસલા બુલંદ થયા છે. કાગળ પર માત્ર દેખાડાની કાર્યવાહી થાય છે, પણ જમીની હકીકત કંઈક અલગ જ છે. રાજ્યમાં ખુલ્લેઆમ ધમધમતા દારૂના કારોબાર પાછળનું અસલી કારણ પોલીસ અને ભ્રષ્ટ તંત્ર વચ્ચેનું કમિશન હોવાનું સામે આવ્યું છે. અમિત ચાવડાએ સીધો આક્ષેપ કર્યો છે કે, હપ્તાના મજબૂત નેટવર્કના કારણે જ ગેરકાયદે દારૂના ધંધા પર ક્યારેય કાબૂ આવી શકતો નથી.

# ખેડા-નડિયાદ ક્રાઇમ બ્રાન્ચની માસ્ટરસ્ટ્રોક કાર્યવાહી: દોઢ વર્ષથી નાસતો ફરતો ચોરીનો આરોપી 'ધ્રુવ ઉર્ફે ભગો' આખરે સળિયા પાછળ!

નડિયાદ

ગુજરાતભરમાં અસામાજિક તત્વો અને વોન્ટેડ ગુનેગારો સામે પોલીસ દ્વારા સકંજો વધુ કડક બનાવવામાં આવ્યો છે. આ જ ક્રમમાં ખેડા-નડિયાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે એક અત્યંત સનસનાટીભર્યા અને લાંબા સમયથી વોન્ટેડ એવા કુખ્યાત ચોરને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. વડોદરા ગ્રામ્ય જિલ્લાના ડભોઇ પોલીસ સ્ટેશન ચોપડે નોંધાયેલા ચોરીના ગંભીર ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી પોલીસને આંખ આડા કાન કરાવીને નાસતો ફરતો આરોપી આખરે પોલીસના સકંજામાં આવી ગયો છે.

મળતી માહિતી મુજબ, નડિયાદના મલારપુરા વિસ્તારમાં આવેલા આમલીવાળા ફળિયામાં રહેતો ધ્રુવ ઉર્ફે ભગો રજનીકાંત રાવલ લાંબા સમયથી કાયદાની પકડથી દૂર ભાગતો ફરતો હતો. વડોદરા ગ્રામ્યના ડભોઇ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આચરેલા ચોરીના ગુનામાં તેની લાંબા સમયથી સઘન તપાસ ચાલી રહી હતી. આ ગુનામાં પકડવા માટે પોલીસ તેની પાછળ પડી હતી, પરંતુ તે અવારનવાર પોતાના ઠેકાણા બદલીને પોલીસને ચકમો આપવામાં સફળ રહેતો હતો.

ખેડા-નડિયાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ અને આધારભૂત બાતમી મળી હતી કે, દોઢ વર્ષથી ભૂગર્ભમાં ગયેલો આ વોન્ટેડ આરોપી પોતાના ઘરે કે નડિયાદના વિસ્તારમાં પરત ફર્યો છે.

# ટેક્સી અને રિક્ષાચાલક યુનિયનના સુત્રોચ્ચાર સાથે ધરણાં:વાહન વ્યવહાર કમિશનર કચેરી બહાર હોબાળો

ગાંધીનગર

રાજ્યમાં ટેક્સી અને રિક્ષા ચાલક યુનિયન દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી ઓલા, ઉબેર અને રેપિડો જેવી ઓનલાઇન એપ્લિકેશનનો બહિષ્કાર કરવામાં આવ્યો છે અને માત્ર ભારત ટેક્સી એપ પરથી ઓનલાઈન રાઇડ બુક કરાવી રહ્યાં છે, ત્યારે ટેક્સી અને રિક્ષા ચાલકોના વિવિધ પ્રશ્નોને લઈ આજે ગાંધીનગર વાહન વ્યવહાર કમિશનર કચેરીએ એગ્રિગેટર કંપની (ઓલા, ઉબર અને રેપિડો)ઓ સાથે બેઠક યોજાઈ હતી. બેઠક બાદ પણ સંતોષકારક જવાબ ન મળ્યાનો આક્ષેપ કરી ટેક્સી અને રિક્ષા ચાલકોએ કચેરી બહાર ધરણાં શરૂ કર્યા હતા. ચાલકોએ સરકાર અને તંત્ર સામે સૂત્રોચ્ચાર કરી ગુજરાત સરકાર હાય... હાય...ના નારા લગાવ્યા હતા અને પોતાના પ્રશ્નોનો નક્કર ઉકેલ લાવવાની માંગ કરી હતી. આ ઉપરાંત આગામી 15 દિવસમાં તેમને ન્યાય નહીં મળે તો સંપૂર્ણપણે કામકાજ બંધ કરી હડતાળ પાડવાની ચીમકી ઉચ્ચારી હતી. રિક્ષા ચાલક વેલફેર એસોસિએશનના પ્રમુખ રાજ શિર્કેએ જણાવ્યું હતું કે, અમારી બસ બે જ રજૂઆત હતી કે આ જે પણ કંપનીઓ છે એ 50% ઓછું ભાડું આપે છે, તે તાત્કાલિક ધોરણે સરકારી રેટ પ્રમાણે ભાડું આપે, નહીં તો આ કંપનીઓના લાયસન્સ રદ કરી નાખે નહીં તો અમારી તમામ રિક્ષાઓમાં અને ટેક્સીમાં જે પીળી નંબર પ્લેટ છે, તે સફેદ નંબર પ્લેટ કરી આપે.

# 'કોંગ્રેસના ઉમેદવારો પર દબાણ, ચૂંટણી બિનહરીફ કરાવવાનો પ્રયાસ': ગાંધીનગર મનપા ચૂંટણીમાં પોલીસ-પ્રશાસનના દુરુપયોગનો કોંગ્રેસ નેતાનો આક્ષેપ

ગાંધીનગર

ગાંધીનગર મનપા ચૂંટણીને લઈને કોંગ્રેસના નેતાઓએ રાજ્ય ચૂંટણી પંચ સમક્ષ રજૂઆત કરી પોલીસ-પ્રશાસનના દુરુપયોગના ગંભીર આક્ષેપો કર્યા છે. કોંગ્રેસ નેતા લાલજી દેસાઈએ ભાજપને ચૂંટણીમાં હારનો ડર હોવાનો આક્ષેપ કરતાં કહ્યું કે, SIRમાં ગોટાળા કરાયા છે અને ચૂંટણી બિનહરીફ કરાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. તેમણે ચૂંટણી પંચની સ્વાયત્તતા અંગે પણ સવાલ ઉઠાવી ચૂંટણી કમિશનર "સ્વાયત્ત છે કે તંત્રની કઠપૂતળી?" એવો પ્રશ્ન કર્યો હતો. લાલજી દેસાઈના આક્ષેપ મુજબ, ગાંધીનગર મનપાના વોર્ડ નંબર 6 અને 7માં કોંગ્રેસના ઉમેદવારો તથા તેમના સંબંધીઓના ઘરે LCBના PI સહિતના પોલીસ અધિકારીઓ પહોંચ્યા હતા. તેમણે દાવો કર્યો કે ઉમેદવારો પર ફોર્મ પરત ખેંચવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. દેસાઈએ કહ્યું કે, "અમારા ઉમેદવારોને બચાવવા તેમને બહાર ખસેડવા પડે એ કેવી લોકશાહી?" કોંગ્રેસે પોતાના ઉમેદવારોને તકેદારીના ભાગરૂપે રિસોર્ટમાં ખસેડ્યા હોવાનો પણ ખુલાસો કર્યો હતો. કોંગ્રેસ નેતા મનિષ દોશીએ આક્ષેપ કર્યો કે, ગાંધીનગર મનપા ચૂંટણી દરમિયાન ભાજપના ઈશારે પોલીસ અને પ્રશાસન દ્વારા અનૈતિક અને ગેરબંધારણીય કામગીરી કરવામાં આવી રહી છે.

## ખોખલું મેડિકલ ટૂરિઝમ

# કેન્સરની સારવાર પાછળ હજારો કરોડોનો ખર્ચ, છતાં સામાન્ય પરિવારોનું ઘર વેચાઈ જાય છે!



**'શ્વાસ ખરીદવા નીકળ્યા હતા એમના માટે, હોસ્પિટલની ફાઈલોમાં આખું ઘર વેચાઈ ગયું; બીમારી તો છેવટે જીવ લઈને જ ગઈ, પણ પાછળ જીવતા રહેવાનું છાપરુંય છીનવાઈ ગયું.'**

આ પંક્તિઓ આજે ગુજરાતના અસંખ્ય સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોની યથાર્થ પીડા બયા કરે છે. ગુજરાતની સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં દર વર્ષે કેન્સરના દર્દીઓ 1 હજાર કરોડથી વધુ રકમ પાણીની જેમ ખર્ચે છે, તેમ છતાં કમનસીબે મોટાભાગના દર્દીઓને બચાવી શકાતા નથી. આ આંકડાઓ માત્ર કેસો નથી, પણ લાચાર માનવજીવનની કરુણ કહાનીઓ છે.

રાજ્ય સરકાર દ્વારા આરોગ્ય પાછળ મોટું બજેટ ફાળવવામાં આવે છે અને વિકાસના મોટા દાવાઓ થાય છે, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ છે. કેન્સર જેવા ગંભીર રોગ અંગે સામાન્ય જનતામાં જાગૃતિ લાવવા માટે કોઈ નક્કર કે અસરકારક કામગીરી ક્ષેત્રે દેખાતી નથી. પરિણામે, રોગ શરીરમાં અંદરખાને વ્યાપી જાય છે અને જ્યારે લક્ષણો દેખાય છે ત્યારે ઘણું મોડું થઈ ચૂક્યું હોય છે.

આજના સમયમાં કેન્સરનું નિદાન થયા પછી સરકાર દ્વારા PMJAY જેવી નિઃશુલ્ક સારવારની યોજનાઓ ઉપલબ્ધ છે, પરંતુ સૌથી મોટો વળાંક અને કડવું સત્ય એ છે કે એ નિદાન સુધી પહોંચવાના મોંઘા રિપોર્ટ્સ કરાવવામાં જ સામાન્ય પરિવાર આર્થિક રીતે પાયમાલ થઈ જાય છે.

બાયોપ્સી, પેટ સ્કેન, એમઆરઆઈ અને મોંઘી જિનેટિક ટેસ્ટિંગ જેવા પ્રારંભિક રિપોર્ટ્સ પાછળ જ હજારો-લાખો રૂપિયા ખર્ચાઈ જાય છે. ગરીબ અને સામાન્ય પરિવાર પાસે આ રિપોર્ટ્સ કરાવવાના નાણાં હોતા નથી, જેના કારણે તેઓ સમયસર સાચું નિદાન કરાવી શકતા નથી અને બીમારી વકરે છે.

જો સરકાર દ્વારા આ જીવલેણ બીમારીના માત્ર ઈલાજ જ નહીં, પરંતુ પ્રાથમિક નિદાન અને મોંઘા રિપોર્ટ્સનો ખર્ચ પણ PMJAY જેવી યોજનાઓમાં આવરી લેવામાં આવે, તો ગરીબો પરનું આર્થિક ભારણ ઘટી શકે છે.

સમયસર નિદાન અને યોગ્ય સારવાર મળવાથી અસંખ્ય લોકોના અમૂલ્ય જીવ બચી શકે છે અને કોઈ પરિવારને પોતાના માથેથી છાપરું ગુમાવવાનો વારો ન આવે.

કેન્સરની સારવારમાં માત્ર દવાઓ અને સર્જરીનો ખર્ચ જ નહીં, પરંતુ નિદાન પહેલાંના વિવિધ ટેસ્ટનો ખર્ચ પણ સામાન્ય પરિવાર માટે મોટો પડકાર બની રહ્યો છે.

સરકાર દ્વારા PMJAY જેવી યોજનાઓમાં કેન્સરની સારવારને આવરી લેવામાં આવે છે, પરંતુ પ્રારંભિક તબક્કાના જરૂરી ટેસ્ટ અને નિદાન પ્રક્રિયાનો ખર્ચ પણ તેમાં સામેલ કરવામાં આવે તો દર્દીઓને સમયસર સારવાર શરૂ કરવામાં મોટી મદદ મળી શકે છે. સરકાર અને આરોગ્ય તંત્ર દ્વારા કેન્સરના સ્ક્રીનિંગ, વહેલા નિદાન અને જરૂરી ટેસ્ટની સુવિધા વધુ સુલભ અને સસ્તી બનાવવાની દિશામાં પગલાં લેવાય તો આર્થિક રીતે નબળા પરિવારોને મોટી રાહત મળી શકે.

## વિકાસનો દાવો પોકળ કે અસલી?

# માત્ર 1 કિલોમીટરના રસ્તા માટે વર્ષોથી વલખા મારતી જૂની જીથરડીની જનતા!

અમદાવાદ

'સરકાર વિકાસના મોટા-મોટા બણગા ફૂંકે છે, પરંતુ જમીની વાસ્તવિકતા એ છે કે સાધલી-કરજણ મુખ્ય માર્ગને જૂની જીથરડી સાથે જોડતો માત્ર એક કિલોમીટરનો એપ્રોચ રોડ આજે ખંડેર બની ચૂક્યો છે! વિકાસના દાવાઓનો આ ફુગ્ગો હવે વડોદરા જિલ્લાના આ પંથકમાં ફૂટી ગયો છે!'



ગુજરાતમાં સરકાર દ્વારા 'સેવા સંકલ્પ અભિયાન' અને વિકાસના ગડગડાટ વચ્ચે ગ્રામ્ય વિસ્તારોની દયનીય હાલત છતી કરતી એક અત્યંત ચોંકાવનારી સમસ્યા સામે આવી છે. ધાવટ-કરજણ સ્ટેટ રોડથી જૂની જીથરડી તરફ જતો માત્ર એક કિલોમીટરનો એપ્રોચ રસ્તો આજે તદ્દન ભંગાર અને અત્યંત જર્જરિત હાલતમાં ફેરવાઈ ગયો છે. વર્ષો અગાઉ આ રસ્તા પર ડામર નાખવામાં આવ્યો હતો, પરંતુ ત્યારબાદ આજદિન સુધી તંત્ર કે નેતાઓ દ્વારા તેની મરામત કરવાની તસ્દી સુદ્ધા લેવામાં આવી નથી. આ જર્જરિત રોડની આસપાસ મોટી સંખ્યામાં ફેક્ટરીઓ અને ઉદ્યોગો આવેલા છે, જેના કારણે આ માર્ગ પર ભારે વાહનોની અવરજવર સતત ચાલુ રહે છે. દેખરેખના અભાવે આખો રોડ મોટા-મોટા ખાડાઓ અને કીચડથી ભરાઈ ગયો છે. પરિસ્થિતિ એટલી ગંભીર છે કે વાહનચાલકો માટે આ રસ્તા પરથી પસાર થવું જોખમી બની ગયું છે.

આ એક કિલોમીટરનો રસ્તો ખરાબ હોવાને કારણે સાધલી અને વેમાર તરફથી જૂની જીથરડી જવા માટે નાગરિકોને સીધા જવાના બદલે કરજણ થઈને આશરે ૬ કિલોમીટરનો લાંબો ફેરો મારવો પડે છે. આ વધારાના ફેરાના કારણે સામાન્ય જનતા અને વાહનચાલકોને દરરોજ નીચે મુજબની ભારે હાડમારીઓનો સામનો કરવો પડે છે.

આ ગંભીર સમસ્યા અંગે અવાજ ઉઠાવતા સાધલીના જાગૃત નાગરિક હસમુખભાઈ સાધલી (મો. 94278 49499) અને સ્થાનિક ગ્રામજનોએ તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો છે. લોકોની માંગ છે કે જિલ્લા માર્ગ અને મકાન વિભાગ (R&B Department) વહેલામાં વહેલી તકે આ ૧ કિલોમીટરના એપ્રોચ રોડનું નવેસરથી નિર્માણ કરે, જેથી પ્રજાને મોટી રાહત મળે.

## સોશિયલ મીડિયા પર 'રીલ' અને જમીન પર ભ્રષ્ટાચાર

# જગદીશ પંચાલના સ્વચ્છતા અભિયાન પર સવાલોના ફુવારા!

ગાંધીનગર

'સોશિયલ મીડિયા પર ફોટા અને રીલ બનાવીને વાહવાહી લૂંટવી એ જનસેવા નથી. જનતા પૂછી રહી છે કે જો સફાઈ જ કરવી છે, તો પહેલા શાસનમાં બેઠેલા ભ્રષ્ટ મંત્રીઓ અને સિસ્ટમમાં વ્યાપેલા ભ્રષ્ટાચારની ગંદકી સાફ કરવાની હિંમત ક્યારે બતાવશો?'



ગુજરાતમાં ભાજપ દ્વારા સમયાંતરે વિવિધ અભિયાનો અને કાર્યક્રમો યોજવામાં આવે છે. તાજેતરમાં પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ દ્વારા સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકીને 'સ્વચ્છતા અભિયાન' શરૂ કરવામાં આવ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જોકે, આ અભિયાનની અસર અને જમીની હકીકતને લઈને આણંદ જિલ્લાના વહેરાખાડી સહિત આસપાસના વિસ્તારોમાં સવાલો ઉઠી રહ્યા છે. સ્થાનિક લોકોનો સવાલ છે કે માત્ર સોશિયલ મીડિયા પર પોસ્ટ અને ફોટા મૂકવાથી શું ખરેખર લોકોની સમસ્યાઓનું નિરાકરણ આવશે? શું કેમેરા સામે ઝાડુ પકડીને ફોટો પડાવવાથી સ્વચ્છતા અને વહીવટી સમસ્યાઓ દૂર થઈ જશે? આજના ડિજિટલ યુગમાં રાજકીય પક્ષો અને નેતાઓ સોશિયલ મીડિયાનો વ્યાપક ઉપયોગ કરી રહ્યા છે. વહેરાખાડી અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના કેટલાક નાગરિકોનો આક્ષેપ છે કે આવા કાર્યક્રમો માત્ર ફોટા અને રીલ પૂરતા સીમિત ન રહેવા જોઈએ. લોકોનું કહેવું છે કે જો ખરેખર જનસેવા કરવાનો ઉદ્દેશ હોય તો ગામડાઓની સફાઈ, રસ્તા, પાણી, ખેડૂતોની સમસ્યાઓ, રોજગાર અને ભ્રષ્ટાચાર જેવા મૂળભૂત પ્રશ્નો પર પણ અસરકારક કામગીરી થવી જોઈએ. જાહેર જીવનમાં રહેલા નેતાઓ માટે સોશિયલ મીડિયા આજના સમયમાં મહત્વનું માધ્યમ છે, પરંતુ માત્ર વીડિયો કે ફોટા અપલોડ કરવાથી મોંઘવારી, બેરોજગારી, ખેડૂતોની સમસ્યાઓ કે ભ્રષ્ટાચાર જેવા પ્રશ્નોનો ઉકેલ આવતો નથી.

## ભરૂચમાં 777 ઘરવિહોણા પરિવારોની અરજીઓ રદ થતાં ખળભળાટ!

# મફત પ્લોટના હક પર સવાલો, AAPનું કલેક્ટરને આવેદન: "ફરી તપાસ કરો અને પાત્ર લાભાર્થીઓને ન્યાય આપો"

ભરૂચ

ભરૂચ તાલુકામાં ઘરવિહોણા પરિવારોને મકાન બનાવવા માટે મફત પ્લોટ ફાળવવાની પ્રક્રિયાને લઈને હવે મોટો વિવાદ સામે આવ્યો છે. ભરૂચ તાલુકા લેન્ડ કમિટી દ્વારા 777 અરજીઓ નામંજૂર કરાયા હોવાના મુદ્દે આમ આદમી પાર્ટી (AAP)એ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી સમગ્ર મામલે ફરી તપાસ કરવાની માંગ કરી છે. AAPના જણાવ્યા પ્રમાણે, ગ્રામ્ય વિસ્તારમાં ઘરવિહોણા અને પાત્ર પરિવારોને સરકારી યોજના હેઠળ ઘર બનાવવા માટે મફત પ્લોટ મળવાપાત્ર છે. તેમ છતાં, 12 સપ્ટેમ્બર 2025ની લેન્ડ કમિટીની બેઠકમાં 777 અરજીઓ રદ કરવામાં આવી હોવાનો પાર્ટીનો આક્ષેપ છે. AAP દ્વારા રજૂ કરાયેલા આક્ષેપો



મુજબ, આ અરજીઓમાં એવા પરિવારોનો સમાવેશ થાય છે જેઓ ઘરવિહોણા હોવાના કારણે સરકારી યોજનાના લાભની આશા રાખી રહ્યા હતા. પાર્ટીનો સવાલ છે કે જો અરજદારો ખરેખર યોજનાની પાત્રતા ધરાવતા હોય તો તેમની અરજીઓ કયા આધાર પર નામંજૂર કરવામાં આવી? શું તમામ અરજીઓની યોગ્ય રીતે સ્થળ તપાસ કરવામાં આવી હતી? શું દરેક લાભાર્થીને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવામાં આવી હતી? હવે આ સમગ્ર પ્રક્રિયાની નિષ્પક્ષ અને ફરીથી તપાસ કરવાની માંગ ઉઠી છે. 1 મે 2017ના ઠરાવના અર્થઘટન સામે પણ સવાલ AAPએ વધુમાં એવો આક્ષેપ કર્યો છે કે 1 મે 2017ના સરકારી ઠરાવનું યોગ્ય અર્થઘટન કરવામાં આવ્યું નથી. પાર્ટીના જણાવ્યા પ્રમાણે, ઠરાવના અર્થઘટનના આધારે અરજીઓ નામંજૂર કરવામાં આવી હોવાનો મુદ્દો પણ આવેદનપત્રમાં ઉઠાવવામાં આવ્યો છે. આ મામલે હવે મુખ્ય સવાલ એ છે કે ઠરાવની જોગવાઈઓનો વાસ્તવિક અર્થ શું છે અને તેના આધારે 777 અરજીઓ રદ કરવાનો નિર્ણય યોગ્ય રીતે લેવાયો હતો કે નહીં?

## ભરૂચમાં માનવતા શર્મસાર

# સોસાયટીના કોમન પ્લોટમાં પ્લાસ્ટિકની થેલીમાંથી નવજાતનો મૃતદેહ મળ્યો

ભરૂચ

ભરૂચ શહેરના ગોદી રોડ વિસ્તારમાં આવેલી રજનીગંધા સોસાયટીના કોમન પ્લોટમાંથી પ્લાસ્ટિકની થેલીમાં નવજાત બાળકનો મૃતદેહ બિનવારસી હાલતમાં મળી આવતા ભારે ચકચાર મચી ગઈ છે. નિર્દોષ જીવને કચરાની જેમ ફેંકી દેવાની આ ઘટનાથી સ્થાનિકોમાં આક્રોશ અને આઘાતનું વાતાવરણ છવાયું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રજનીગંધા સોસાયટીમાં રહેતા સ્વીટી પરમારને તેમના પાડોશી નિર્મલા રાણાએ જાણ કરી હતી કે ઘરની બાજુમાં આવેલા કોમન પ્લોટમાં સોનતલાવડી ઝૂંપડપટ્ટીની કમ્પાઉન્ડ વોલ પાસે કોઈએ નવજાત બાળકને તરછોડી દીધું છે. તેઓ તાત્કાલિક ત્યાં પહોંચ્યા, તો પ્લાસ્ટિકની થેલીમાં બાળક મૃત હાલતમાં પડેલું જોવા મળ્યું હતું. આ અંગે તાત્કાલિક 112 નંબર પર જાણ કરાતા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહને હોસ્પિટલ ખસેડ્યો હતો. પ્રાથમિક દૃષ્ટિએ, બાળકના માતા-પિતા કે અન્ય સગાસંબંધીઓએ બાળકનો જન્મ છુપાવવા માટે, અથવા અન્ય કોઈ બદ ઈરાદે, મૃતદેહનો આ રીતે નિકાલ કર્યો હોવાની શક્યતા જોવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ ભરૂચ જિલ્લાના અંકલેશ્વરના એક વિસ્તારમાંથી નવજાત શિશુ મળી આવ્યું હતું.

# મહિપતસિંહ ચૌહાણના પુત્ર પર હુમલા બાદ મામલો વકર્યો: ક્રોસ FIRથી રાજકારણ અને અપરાધ જગતમાં ખળભળાટ!

## 'સોશિયલ મીડિયાની ફ્રેન્ડ રિક્વેસ્ટ બની ખૂની રમતની શરૂઆત: ગામના બગીચામાં લોહીયાળ જંગ બાદ હવે બંને પક્ષ સામસામે!'

અમદાવાદ

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાડતી એક અત્યંત સનસનાટીભર્યા સમાચાર સામે આવી રહ્યા છે. ચૌહાણ પરિવારના પુત્ર ઉપર થયેલી હુમલાની હચમચાવી દેનારી ઘટના બાદ હવે આ પ્રકરણમાં નવો જ અને ધમાકેદાર મોડ આવ્યો છે. મામલો હવે શાંત થવાને બદલે વધુ ઉગ્ર બની ગયો છે અને પોલીસ ચોપડે ક્રોસ FIR (Cross FIR) દાખલ થતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, આ સમગ્ર વિવાદની શરૂઆત સોશિયલ મીડિયા પર મોકલવામાં આવેલી એક ફ્રેન્ડ રિક્વેસ્ટથી થઈ હતી. ફરિયાદી મહાવીર કિશોરસિંહ ચૌહાણે પોલીસ સમક્ષ આપેલા નિવેદનમાં ગંભીર આક્ષેપો કર્યા છે કે, ગામની એક યુવતીને સોશિયલ મીડિયા પર ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલ્યા બાદથી જ સમગ્ર વિવાદ વકર્યો હતો. આ બાબતને લઈને આરોપીઓ દ્વારા સતત ધમકીઓ આપવામાં આવી રહી હતી, જેના કારણે બંને જૂથો વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચી ગયો હતો.

પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ કે ગત ૨૬ તારીખની રાત્રે ગામના બગીચામાં બંને પક્ષના લોકો આમને-આવી ગયા હતા. સામાન્ય બોલાચાલીથી શરૂ થયેલી આ ટક્કર જોતજોતામાં લોહીયાળ જંગમાં ફેરવાઈ ગઈ હતી. બંને પક્ષો વચ્ચે ઉગ્ર માથાકૂટ અને મારામારી સર્જાતા ગામમાં ભારે નાસભાગ મચી ગઈ હતી અને ભયનો માહોલ છવાઈ ગયો હતો.

મહિપતસિંહ ચૌહાણના પુત્ર ક્રિષ્ણપાલ ઉપર અગાઉ હુમલો થયાની ઘટના બાદ હવે આ મામલે પલટવાર થયો છે. ફરિયાદી મહાવીર કિશોરસિંહ ચૌહાણની ફરિયાદના આધારે પોલીસે કડક કાર્યવાહી કરીને ક્રિષ્ણપાલ સહિત કુલ 5 જેટલા શખ્સો સામે ગંભીર ગુનાહિત હેઠળ FIR નોંધી લીધી છે.

એક તરફ ઈજાગ્રસ્તોની સારવાર ચાલી રહી છે, તો બીજી તરફ સામસામે થયેલી ક્રોસ FIR ના કારણે પોલીસ તંત્ર પણ દોડતું થઈ ગયું છે.

આ મામલો હવે માત્ર મારામારી પૂરતો સીમિત નથી રહ્યો, પરંતુ ક્રોસ કેસના કારણે આગામી દિવસોમાં વધુ મોટા ખુલાસા થવાની અને રાજકીય કે સામાજિક પૃષ્ઠભૂમિ પર ગરમાવો આવવાની પૂરી સંભાવના છે. પોલીસ દ્વારા આ કેસની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે.

પાક્કો ગુજરાત
મંગળવાર | 29 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

### જામનગરથી લઈને દિલ્હી સુધી હાહાકાર

# થાળી-વેલણથી લઈને મોબાઇલની બત્તી સુધી બધું જ કર્યું, છતાં GSTના દર્દે 4500 બ્રાસ ઉદ્યોગોને રસ્તા પર લાવી દીધા!

"કહ્યું હતું કે સારા દિવસો આવશે, તાળી-થાળી વગાડો અને દીવા પ્રગટાવો... પરંતુ તાળી અને દીવાથી ક્યારેય ચૂલો નથી સળગતો! આજે જીએસટીના અસહ્ય દર્દે જામનગરના 4500થી વધુ બ્રાસ ઉદ્યોગોને હડતાળ પાડવા માટે મજબૂર કરી દીધા છે!"

અમદાવાદ/જામનગર

ગુજરાતને દેશનું 'ગ્રોથ એન્જિન' કહેવામાં આવે છે, પરંતુ આજ તે જ ગુજરાતના ઘોગિક કેન્દ્રોમાંથી સરકારની નીતિઓ સામે ચીસો અને રોષનો અવાજ ગુંજી રહ્યો છે. પીતળ નગરી તરીકે જાણીતા જામનગરથી એક ખૂબ જ મોટા અને સનસનીખેજ સમાચાર સામે આવી રહ્યા છે. ક્યારેક કોરોના કાળમાં તાળી, થાળી અને દીવા પ્રગટાવનારી જનતાને આજે સરકારની ખોટી નીતિઓ અને ભારે-ભરખમ ટેક્સે એવું અસહ્ય દર્દ આપ્યું છે કે આખું જામનગર રસ્તા પર ઉતરી આવ્યું છે. જીએસટી અને મોંઘવારીના મારથી ત્રસ્ત થઈને આજે જામનગરના અંદાજે ૪૫૦૦ બ્રાસ (પીતળ) ઉદ્યોગ એકમોએ પોતાના કારખાનાઓ સંપૂર્ણપણે બંધ રાખીને સરકાર સામે જોરદાર શક્તિપ્રદર્શન કર્યું છે. આ પછી રોષે ભરાયેલા ઉદ્યોગપતિઓ અને કામદારોએ જિલ્લા કલેક્ટરને એક તીખો અને સખત આવેદનપત્ર સુપરમાર્કેટ અને કલેક્ટર કચેરીમાં રજૂ કર્યું છે.

રાજકીય વિશ્લેષકો અને સ્થાનિક લોકોનું કહેવું છે કે જામનગરની જનતાએ સરકારના દરેક ઈશારા પર ભરોસો કર્યો–ક્યારેક મહામારીના સમયે તાળી અને થાળી વગાડી, તો ક્યારેક ઘંટી વગાડીને અને દીવા પ્રગટાવીને સમર્થન આપ્યું. અહીં સુધી કે મોબાઈલની બત્તીઓ ચાલુ કરીને ઉજ્જવળ ભવિષ્યની આશા પણ વ્યક્ત કરી. પરંતુ તેના બદલામાં સરકાર તરફથી શું મળ્યું? આસમાને પહોંચતી મોંઘવારી, જટિલ અને જીવલેણ જીએસટીના નિયમો, ધંધા-રોજગારને બરબાદ કરનાર ટેક્સનો માર, આજે સ્થિતિ એ છે કે જામનગરના લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) દમ તોડી રહ્યા છે.

જામનગર સમગ્ર દુનિયામાં બ્રાસના પાર્ટ્સ (પીતળના છૂટક પુર્જા) બનાવવા માટે જાણીતું છે. અહીંના નાના-મોટા ૪૫૦૦થી વધુ ઉદ્યોગ એકમો એકસાથે બંધ રહેવાથી કરોડો રૂપિયાનો વેપાર ઠપ થઈ ગયો છે. વેપારીઓનું સ્પષ્ટ કહેવું છે કે આ હડતાળ અને કલેક્ટરને આપવામાં આવેલું આવેદનપત્ર માત્ર એક ટ્રેલર છે. "આ તો માત્ર એક શરૂઆત છે. જો સરકારે સમયસર પોતાની નીતિઓ નહીં બદલી, તો આ આંદોલન સમગ્ર ગુજરાતમાં ફેલાશે અને નાના ઉદ્યોગોની આ ચિનગારી મોટું સ્વરૂપ ધારણ કરી લેશે."

વેપારીઓ અને વિપક્ષી નેતાઓનું કહેવું છે કે આજે સમગ્ર ગુજરાતમાં નાના ઉદ્યોગો, હસ્તકલા અને એમએસએમઈ સેક્ટરની હાલત અત્યંત દયનીય બની ચૂકી છે. લાલ ફીતાશાહી, ઈન્સ્પેક્ટર રાજ અને ભારે જીએસટીએ વેપારીઓની કમર તોડી નાખી છે. સ્થિતિ એટલી ગંભીર બની ચૂકી છે કે હવે જનતા અને વેપારીઓ ખુલ્લેઆમ કહેવા લાગ્યા છે– "ભાજપ જશે, તો જ સાચી ખુશહાલી આવશે!"

ના નાના ઉદ્યોગો પર તોળાઈ રહેલા આ મોટા સંકટ અને જામનગરના ઐતિહાસિક વિરોધ પ્રદર્શને હવે રાજ્ય સરકારની ઊંઘ ઉડાડી દીધી છે. એ જોવાનું રહે છે કે શું સરકાર આ નાના ઉદ્યોગોની સુધ લે છે કે પછી વેપારીઓ પોતાના આ આંદોલનને વધુ ઉગ્ર બનાવશે.

## ગાંધીનગર સેન્ટ્રલ વિસ્ટા ખાતે ભાજપનો 'જન સેવા સંકલ્પ' કાર્યક્રમ

### CMની ઉપસ્થિતિમાં પેટા ચૂંટણીના ઉમેદવારોએ લીધો સંકલ્પ

ગાંધીનગર




ગાંધીનગરના આઈકોનિક સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે આવેલી ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની ભવ્ય પ્રતિમા સમક્ષ ભારતીય જનતા પાર્ટી દ્વારા મહાનગરપાલિકાની પેટા ચૂંટણીના ઉમેદવારોના સમર્થનમાં એક વિશેષ 'જન સેવા સંકલ્પ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહીને ઉમેદવારોનો ઉત્સાહ વધાર્યો હતો.

આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં રાજ્યના કેબિનેટ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહિડા, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તેમજ ગાંધીનગર મહાનગરના પ્રમુખ શ્રી આશિષભાઈ દવે પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. દિગ્ગજ નેતાઓની હાજરીએ કાર્યક્રમમાં વિશેષ જોશ અને ઉર્જા ભરી દીધી હતી. કાર્યક્રમ દરમિયાન જનતાના વિશ્વાસને વિકાસ, પારદર્શક સુશાસન અને નિસ્વાર્થ સેવા દ્વારા વધુ મજબૂત કરવાના દ્રઢ સંકલ્પનું પુનરાવર્તન કરવામાં આવ્યું હતું. ભાજપના પેટા ચૂંટણીના ઉમેદવારોએ ગાંધીનગરના દરેક નાગરિકના જીવનમાં સુખાકારી, સમૃદ્ધિ અને પ્રગતિનો પ્રકાશ પહોંચાડવા માટે પોતાની અતૂટ પ્રતિબદ્ધતા વધુ દ્રઢ કરી હતી.

## મંગળનાથ મહાદેવની શ્રાપિત જમીનનો ખેલ ખુલ્લો: બિલ્ડર પરષોત્તમ વાઘેલા અને ભાઈ નગીન ભૂગર્ભમાં, કરોડોના લેન્ડ કૌભાંડમાં સનસનાટી!

વડોદરા

વડોદરા અને આસપાસના પંથકમાંથી એક અત્યંત ચોંકાવનારા, કૌભાંડી અને ધબકારા વધારી દે તેવા સમાચાર સામે આવી રહ્યા છે. મંજુસર સ્થિત કરોડોની જમીન કૌભાંડમાં સંડોવાયેલા અને બે-બે મજબૂત વેવાઈઓનું પીઠબળ ધરાવતા કુખ્યાત બિલ્ડર પરષોત્તમ વાઘેલા પોતાના પુત્ર આકાશ અને પુત્રવધૂ વિશ્વાંગી સાથે હાલ ભૂગર્ભમાં ઉતરી ગયા છે. કાયદાના સકંજાથી બચવા માટે તેઓ એવા અદ્રશ્ય થયા છે કે તેમની મંજુસર સ્થિત કાળા પાણીની ફેક્ટરી પર પણ તાળાં લટકી ગયા છે. ચર્ચા એવી છે કે આ કોઈ સામાન્ય કૌભાંડ નથી, પરંતુ ખુદ મંગળનાથ મહાદેવનો શ્રાપ આ ભ્રષ્ટ પરિવારને નડી રહ્યો છે!

સમગ્ર મામલાની વિગતો મુજબ, પરષોત્તમ વાઘેલા અને તેના ભાઈ નગીન વાઘેલાએ મંગળનાથ મહાદેવ દેવસ્થાનની પવિત્ર જમીનને નિશાન બનાવી હતી. ટ્રસ્ટના ભોળા કર્તાહર્તાઓને મૂર્ખ બનાવીને અને વિશ્વાસઘાત કરીને આ બંને ભાઈઓએ મહાદેવની જમીનના બોગસ અને નકલી દસ્તાવેજો તૈયાર કરાવી લીધા હતા. એટલું જ નહીં, આ ગેરકાયદે જમીનને 'એનએ' (Non-Agricultural) પણ કરાવી નાખીને કરોડો રૂપિયાની જમીન હડપ કરી જવાનો ભયાનક ખેલ ખેલ્યો હતો.

ભગવાન શિવની જગ્યા અને જમીનને બચાવવા માટે હવે સાધુ-સંતો અને પૂજારીઓ આરપારની લડાઈ લડવા જંગે ચડ્યા છે. બાકી બચેલી મંગળનાથ મહાદેવની જમીનનું રખોપું કરી રહેલા ટ્રસ્ટી મગનગિરી ગોસ્વામીએ હિંમતભેર આગળ આવીને પરષોત્તમ અને નગીનના આ કાળા કારનામાની એક પછી એક કાળી વિગતો બહાર પાડી છે. આ મામલે વકીલ દ્વારા પણ સખત અપીલ કરવામાં આવી છે કે આ માફિયાઓને છોડવામાં ન આવે.

### 50 કરોડના ટ્રાન્ઝેક્શન ઠપ થવાની દહેશત!

## ગાંધી જયંતિએ ગુજરાતના 600 વેપારી એસોસિએશનોનું 'નો યુપીઆઈ'નું એલાન

ગાંધીનગર

'સરકાર પાસે જીએસટી ઘટાડાની ભીખ માંગવાના દિવસો ગયા, હવે અન્યાયી કરવેરા અને ડિજિટલ લૂંટ સામે વેપારીઓએ મોરચો ખોલી દીધો છે! ગાંધી જયંતિના પવિત્ર દિવસે ગુજરાતના 600 વેપારી એસોસિએશનોએ 'નો યુપીઆઈ ડે' જાહેર કરીને સરકારની આર્થિક નીતિઓની પોલ ખોલી નાખી છે!'

ગુજરાતના વ્યાપારી જગતમાંથી એક ખૂબ જ મોટા અને સરકારની નીંદ ઉડાડી દે તેવા સમાચાર સામે આવી રહ્યા છે. આગામી ગાંધી જયંતિના અવસરે ગુજરાતભરના નાના-મોટા વેપારી એસોસિએશનોએ મળીને એક દિવસ માટે 'નો યુપીઆઈ ડે' (No UPI Day) પાળવાનું વિવાદાસ્પદ અને અત્યંત આક્રમક એલાન કર્યું છે. વેપારીઓના આ પગલાથી માત્ર એક જ દિવસમાં અંદાજે 50 કરોડ રૂપિયાના ડિજિટલ ટ્રાન્ઝેક્શન પર સીધી અસર પડી શકે છે, જેનાથી બજારમાં હડકંપ મચી ગયો છે. વેપારીઓની મુખ્ય માંગણી એ હતી કે સરકાર વેપારને વેગ આપવા માટે જીએસટી (GST) ના દરમાં રાહત આપે અને જટિલ નિયમો સરળ કરે. પરંતુ સરકારની નીતિઓથી નારાજ વેપારીઓનું કહેવું છે કે રાહત તો દૂર રહી, સરકારના વિવિધ નિર્ણયો અને ટેક્સ સિસ્ટમને કારણે વેપારીઓ પર ઉલટાનો વધારાનો આર્થિક બો અને ટેક્સ લાગી રહ્યો છે. આ આક્રોશને વ્યક્ત કરવા માટે જ હવે ડિજિટલ પેમેન્ટનો બહિષ્કાર કરવાનો અનોખો અને કડક માર્ગ અપનાવવામાં આવ્યો છે. આજના ડિજિટલ યુગમાં જ્યાં ગ્રાહકો રોકડના બદલે યુપીઆઈ (UPI) કે ઓનલાઈન પેમેન્ટ કરવાનું વધુ પસંદ કરે છે, ત્યાં રાજ્યના 600 જેટલા વ્યાપારી એસોસિએશનો દ્વારા એકસાથે 'નો યુપીઆઈ'નું શસ્ત્ર ઉગામવું એ સરકાર માટે કોઈ મોટા આર્થિક ઝાટકાથી કમ નથી. વેપારીઓનો સાફ શબ્દોમાં સંદેશ છે કે: સરકાર વેપારીઓની કમર તોડવાનું બંધ કરે. ટેક્સના નામે ચાલતી હેરાગતિ તાત્કાલિક ધોરણે અટકે. જો સરકાર સમયસર નહીંચેતે, તો આ વિરોધ પ્રદર્શન વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરશે. ગુજરાતના અગ્રણી વેપારી આગેવાનોએ સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું છે કે સરકાર ડિજિટલ ઈન્ડિયાના મોટા-મોટા બણગા ફૂંકે છે, પરંતુ જમીની સ્તરે વેપારીઓ માટે ધંધ કરવો મુશ્કેલ બનાવી દીધો છે. જે પ્લેટફોર્મ વેપારને સરળ બનાવવા માટે હતા, તે હવે વેપારીઓ માટે ટેક્સ અને મુશ્કેલીઓનો અડ્ડો બની ગયા છે. ગાંધી જયંતિ જેવા મહત્વના દિવસે લેવાયેલું આ 'નો યુપીઆઈ'નું એલાન સાબિત કરી દે છે કે હવે ગુજરાતનો વેપારી વર્ગ વધુ અન્યાય સહન કરવાના મૂડમાં નથી.

## ભાદરવી મહામેળામાં શ્રદ્ધાળુઓની લૂંટના આક્ષેપ, વિડિયો વાયરલ થયો

### નિ:શુલ્ક લગેજ સેવાના નામે રૂ. 50થી 100 સુધીની ઉઘરાણીનો આરોપ, કરોડોની વસૂલાતની આશંકા

અંબાજી




શક્તિપીઠ અંબાજી ખાતે યોજાયેલા ભાદરવી મહામેળામાં લાખો માઈભક્તો ઉમટ્યા હતા. યાત્રિકોની સુવિધા માટે તંત્ર દ્વારા લગેજ રાખવાની વ્યવસ્થા નિ:શુલ્ક રાખવામાં આવી હોવા છતાં, લગેજ સેવાના કોન્ટ્રાક્ટર દ્વારા યાત્રિકો પાસેથી રૂ. 50થી 100 સુધીની રકમ વસૂલવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે.

યાત્રિકો પાસેથી નિ:શુલ્ક સેવાના નામે રકમ વસૂલવામાં આવી હોવાના આક્ષેપોથી સમગ્ર વ્યવસ્થા સામે સવાલો ઊભા થયા છે. જો આ આક્ષેપો સાચા સાબિત થાય તો મોટા પાયે ગેરકાયદે વસૂલાત થઈ હોવાની શક્યતા નકારી શકાય નહીં.

મેળામાં અંદાજે 43 લાખ જેટલા શ્રદ્ધાળુઓ આવ્યા હોવાના આંકડા સામે, જો માત્ર 10 ટકા એટલે કે આશરે 4.3 લાખ યાત્રિકો પાસેથી રૂ. 50 લેવામાં આવ્યા હોય તો અંદાજે રૂ. 2.15 કરોડની રકમ થાય છે. જ્યારે રૂ. 100 લેવામાં આવ્યા હોય તો આ રકમ રૂ. 4.30 કરોડ સુધી પહોંચી શકે છે.

તે જ રીતે, જો 20 ટકા યાત્રિકો પાસેથી વસૂલાત થઈ હોવાનું માનવામાં આવે તો રૂ. 50ના દરે પણ અંદાજે રૂ. 4.30 કરોડ, જ્યારે રૂ. 100ના દરે રૂ. 8.60 કરોડ સુધીની રકમ થતી હોવાનું ગણિત સામે આવે છે.

## ભરૂચના વાગરામાં મોટી હોનારત ટળી: ઈથીલીન ઓક્સાઇડ ભરેલું ટેન્કર પલટી ખાતા તંત્રમાં દોડધામ!

### દહેજ-સાયખા માર્ગ પર પીસાદ ગામ નજીક સર્જાયો ગંભીર અકસ્માત; અત્યંત જોખમી કેમિકલ લીકેજ થવાની આશંકાએ પોલીસ અને ફાયર વિભાગ એલર્ટ મોડ પર

ભરૂચ



ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાંથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. વાગરાના પીસાદ ગામ નજીક આજે સવારે એક અત્યંત જોખમી કેમિકલ ઈથીલીન ઓક્સાઈડ (Ethylene Oxide) ભરેલું ટેન્કર પલટી મારી જવાની ઘટના બની છે. આ અકસ્માતના પગલે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે અને સ્થાનિક તંત્ર તાત્કાલિક દોડતું થઈ ગયું છે.

ઘટનાની વિગતવાર માહિતી: ઘટનાસ્થળ: પીસાદ ગામ નજીક, વાગરા તાલુકો, ભરૂચ જિલ્લો. વાહન નંબર: GJ-16-AV-1327. કેમિકલ: અત્યંત જોખમી અને જ્વલનશીલ ઈથીલીન ઓક્સાઈડ. માર્ગ: દહેજથી સાયખા GIDC સ્થિત 'જય કેમિકલ' કંપની તરફ જઈ રહ્યું હતું. પ્રાપ્ત પ્રાથમિક માહિતી અનુસાર, ડ્રાઈવરે અચાનક સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતા આ ઘાતક કેમિકલ ભરેલું ટેન્કર રસ્તાની બાજુમાં જ પલટી ખાધું હતું. ટેન્કરમાં રહેલું કેમિકલ એટલું જોખમી છે કે જો તે લીક થાય તો આસપાસના વિસ્તારમાં મોટી હોનારત સર્જાઈ શકે છે. તંત્રની યુદ્ધના ધોરણે કામગીરી: ઘટનાની ગંભીરતા જોતા જ વાગરા મામલતદાર, પોલીસ કાફલો અને સ્થાનિક પ્રશાસનના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. માર્ગ બ્લોક: સુરક્ષાના ભાગરૂપે પોલીસે તાત્કાલિક અસરથી આસપાસનો માર્ગ સંપૂર્ણપણે બ્લોક કરી દીધો છે અને વાહનવ્યવહાર અન્યત્ર ડાયવર્ટ કરવામાં આવ્યો છે. ફાયર બ્રિગેડ સ્ટેન્ડબાય: કોઈપણ અનિચ્છનીય બનાવ કે આગ જેવી દુર્ઘટનાને ટાળવા માટે ફાયર વિભાગના ટેન્ડરોને ઘટનાસ્થળે સ્ટેન્ડબાય રાખવામાં આવ્યા છે.

## પાનોલીમાં ઘરમાં ગૌવંશનું કટિંગ કરતા પાંચ ઝડપાયા, 510 કિલો ગૌમાંસ જપ્ત

અંકલેશ્વર

અંકલેશ્વરની પાનોલી પોલીસે પાનોલી ગામના ટેકરા ફળિયામાં દરોડો પાડી ઘરમાં ગૌવંશનું કટિંગ કરતા પાંચ લોકોને ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી એક ગાય અને એક બળદને પણ મુક્ત કરાવ્યા હતા.

પોલીસને બાતમી મળી હતી કે મહંમદ સલમાન મહંમદ સઈદ દીવાન, તેનો ભાઈ મહંમદ સાહિલ સઈદ દીવાન તથા અન્ય ત્રણ શખ્સો ઘરમાં ગૌવંશનું કટિંગ કરી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે કાર્યવાહી હાથ ધરી



હતી. દરોડા દરમિયાન પોલીસે 510 કિલો ગૌમાંસ, ચાર છરી, પાંચ મોટા છરા, ઈલેક્ટ્રિક વજનકાંટા સહિત રૂ. 82 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે મહંમદ સલમાન, મહંમદ સાહિલ, જીતેશ રમણ વસાવા, વિપુલ રમેશ વસાવા અને દલસુખ રણજિત વસાવાની ધરપકડ કરી છે.

### 'કાગળ પરની પાર્ટીઓ'ના કેસમાં CID ક્રાઇમની કાર્યવાહી

## 'કાગળ પરની પાર્ટીઓ'ના કથિત દાન કૌભાંડમાં FIR: ત્રણ પક્ષના પદાધિકારીઓ સામે ગુનો, CID ક્રાઈમની તપાસ તેજ

ગાંધીનગર

પાક્કો ગુજરાત ના સનસનાટીભર્યા અહેવાલ અને આવકવેરા વિભાગની સઘન તપાસ બાદ ગુજરાતના રાજકારણમાં ખળભળાટ મચાવનાર 'કાગળ પરની પાર્ટીઓ' ના કૌભાંડમાં હવે કાયદાકીય ફંદો કસાયો છે. ગાંધીનગર સ્થિત CID ક્રાઈમ કાર્યાલયમાં આ મામલે સત્તાવાર રીતે એફઆઈઆર દાખલ કરવામાં આવતા રાજકીય ગલીઓમાં ભારે હલચલ મચી ગઈ છે. પાક્કો ગુજરાત ન્યૂઝના અગાઉના રિપોર્ટમાં એક અત્યંત ચોંકાવનારો આંકડો સામે આવ્યો હતો. વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ગુજરાતના છ સાવ નાના, અજાણ્યા અને નામ પૂરતા જ અસ્તિત્વમાં ધરાવતા રાજકીય પક્ષોને શંકાસ્પદ રીતે અંદાજે ૧૭૦૦ કરોડ રૂપિયાનું જંગી દાન મળ્યું હતું. આશ્ચર્યની પરાકાષ્ઠા તો એ વાતની છે કે આ રકમ ભારતીય જનતા પાર્ટી (BJP) સિવાયના દેશભરના તમામ રાષ્ટ્રીય પક્ષોની કુલ વાર્ષિક આવક કરતાં પણ અનેક ગણી વધારે હતી. આટલી મોટી રકમ ક્યાંથી આવી અને કયા હેતુસર આપવામાં આવી, તેને લઈને અનેક સવાલો ઊભા થયા હતા. આ ગંભીર આર્થિક અનિયમિતતાઓ અને શંકાસ્પદ વ્યવહારોને ધ્યાનમાં રાખીને સત્તાવાર રીતે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૭૩ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

આવકવેરા વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી વિગતવાર ફરિયાદો અને પુરાવાઓના આધારે આ છ પૈકીના ઓછામાં ઓછા ત્રણ મુખ્ય પક્ષો વિરુદ્ધ કડક પોલીસ કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. બીબીસી હિન્દી દ્વારા ચકાસવામાં આવેલી એફઆઈઆરની વિગતો મુજબ, નીચેના પક્ષોના પદાધિકારીઓ સામે સત્તાવાર ગુના નોંધાયા છે: ભારતીય નૅશનલ જનતા દળ, ગરીબ કલ્યાણ પાર્ટી, અભિવ્યક્તિ સ્વતંત્રતા પાર્ટી.

આ ઉપરાંત, સ્થાનિક ગુજરાતી અખબારો અને સૂત્રોના અહેવાલો મુજબ ચોથા પક્ષ એવા 'સત્યવાદી રક્ષક પક્ષ' સામે પણ એફઆઈઆર દાખલ થયાના અહેવાલ છે, જોકે તેની સ્વતંત્ર પુષ્ટિ થવાની હજુ પ્રક્રિયા ચાલી રહી છે.

ગાંધીનગર CID ક્રાઈમના એક જવાબદાર ઉચ્ચ અધિકારીએ આ મામલે માહિતી આપતા જણાવ્યું છે કે, 'આ કેસમાં સંડોવાયેલી પાર્ટીઓમાંથી બે પાર્ટીઓ અમદાવાદ સ્થિત છે જ્યારે એક પાર્ટી ગાંધીનગર ખાતે કાર્યરત છે.'

### સુરતમાં કોંગ્રેસનો હુંકાર

## મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માંગ સાથે રસ્તા પર ઉતરેલા કાર્યકરોની પોલીસે કરી ટીંગાટોળી!

સુરત



'લોકશાહીના રક્ષકો જ જ્યારે બંધારણની મર્યાદાઓ અને જવાબદારીઓથી ભાગવા લાગે, ત્યારે પ્રજા અને વિપક્ષે રસ્તા પર ઉતરીને સરકારની નીંદર હરામ કરવી જ પડે! મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માંગ સાથે સુરતમાં કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.' ગુજરાતના વ્યાપારી પાટનગર અને ડાયમંડ સિટી તરીકે જાણીતા સુરત શહેરમાંથી લોકશાહી અને ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા સામે એક અત્યંત મોટા અને જોરદાર વિરોધ પ્રદર્શનના સમાચાર સામે આવી રહ્યા છે. સુરત શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માંગ સાથે શહેરના મુખ્ય માર્ગો પર ઉગ્ર દેખાવો કરવામાં આવ્યા હતા. આ દરમિયાન પરિસ્થિતિ એટલી તંગ બની ગઈ કે પ્રદર્શનકારીઓને રોકવા માટે પોલીસે બળપ્રયોગ કરી કૉંગ્રેસના નેતાઓ અને કાર્યકરોની ટીંગાટોળી કરીને ધરપકડ કરવાની ફરજ પડી હતી. સુરતના રાજકારણમાં આ ઘટનાને લઈને ભારે હલચલ મચી ગઈ છે. દેશની ચૂંટણી પ્રક્રિયા અને તેની સ્વાયત્તતા પર છેલ્લા કેટલાક સમયથી સતત સવાલો ઉઠી રહ્યા છે. સુરત કોંગ્રેસના નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી પંચ જેવી પવિત્ર અને સ્વતંત્ર સંસ્થા આજે સત્તાધારી પક્ષના દબાણ હેઠળ કામ કરી રહી છે.

મતદારોના અધિકારો સાથે ચેડાં થવાની શંકાઓ વચ્ચે હવે જનતા અને વિપક્ષનો રોષ સાતમા આસમાને પહોંચ્યો છે. સુરતમાં કોંગ્રેસ દ્વારા સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપવામાં આવી છે કે જ્યાં સુધી ચૂંટણી પંચ પોતાની નિષ્પક્ષતા સાબિત નહીં કરે અને મુખ્ય ચૂંટણી કમિશનર પોતાના પદ પરથી રાજીનામું નહીં આપે, ત્યાં સુધી આ લડાઈ અટકશે નહીં.

## વડોદરાના ચકલી સર્કલ પર કોંગ્રેસનો હુંકાર: ચૂંટણી પંચની નિષ્ફળતા અને લોકશાહીના ચીરહરણ સામે વિરોધ પ્રદર્શન!

વડોદરા



'ચૂંટણી પંચ માત્ર એક બંધારણીય સંસ્થા છે, કોઈ શાસક પક્ષનું પ્યાદું નહીં! જો ચૂંટણી પ્રક્રિયા પર સવાલો ઉઠશે અને મતદારોના અધિકારો પર તરાપ મારવામાં આવશે, તો વડોદરાથી લઈને ગાંધીનગર સુધી જનતાનો રોષ રસ્તા પર ઉતરીને સરકારની નીંદર હરામ કરી દેશે!'

ગુજરાતની આર્થિક અને સાંસ્કૃતિક રાજધાની ગણાતા વડોદરા શહેરમાંથી લોકશાહીના રક્ષણ માટે એક અત્યંત મોટા અને જોરદાર વિરોધ પ્રદર્શનના સમાચાર સામે આવી રહ્યા છે. વડોદરા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા શહેરના જાણીતા ચકલી સર્કલ ખાતે ચૂંટણી પંચની શંકાસ્પદ સ્વાયત્તતા, સંસ્થાકીય નિષ્ફળતા અને મતદારોના મૌલિક અધિકારોના રક્ષણ માટે એક વિશાળ અને ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ વિરોધ પ્રદર્શને વડોદરાના રાજકારણમાં ભારે ચકચાર મચાવી દીધી છે.

લોકશાહી અને મત અધિકારનું રક્ષણ: હવે ચૂપ નહીં બેસે જનતા!

દેશના સંવિધાને દરેક નાગરિકને પોતાનો મત આપવાનો અને લોકશાહીને જીવંત રાખવાનો પવિત્ર અધિકાર આપ્યો છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા સામે જે શંકાઓ વ્યક્ત થઈ રહી છે, તેણે સામાન્ય જનતા અને વિપક્ષના કાન ખડા કરી દીધા છે. વડોદરા કોંગ્રેસના નેતાઓએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે: જો મતદારોના અધિકારો સાથે ચેડા કરવામાં આવશે, તો વિપક્ષ ચૂપ બેસી રહેશે નહીં. ચૂંટણી પંચે પોતાની પવિત્રતા અને નિષ્પક્ષતા સાબિત કરવી જ પડશે. લોકશાહીના મૂળ પર પ્રહાર કરનાર કોઈપણ તાકાતને જનતા માફ નહીં કરે. ચકલી સર્કલ પર એકત્રિત થયેલા સેંકડો કોંગ્રેસ કાર્યકરો અને હોદ્દેદારોએ સરકાર વિરોધી અને ચૂંટણી પંચની નિષ્ક્રિયતા વિરુદ્ધ જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા. હાથમાં બેનરો અને પ્લેકાર્ડ્સ લઈને વિરોધ દર્શાવી રહેલા નેતાઓએ પોલીસ બંદોબસ્ત વચ્ચે પણ પોતાનો રોષ ખુલીને વ્યક્ત કર્યો હતો.

## તંત્રી લેખ...

# નિકોલથી લઈને દિલ્હી સુધી: Presumption અને Assumption પર બંધારણની કસોટી

'બંધારણીય સંસ્થા હોવાનો અર્થ એક નથી કે તમને કાયદો અને જવાબદારીથી મુક્તિ મળી જાય. પદની ઊંચાઈ ક્યારેય કોઈને બંધારણ અને કાયદાના દાયરાથી બહાર લઈ જઈ શકતી નથી!' દેશનું બંધારણ મૂળરૂપે અંગ્રેજીમાં તૈયાર અને સ્વીકારવામાં આવ્યું હતું, તેથી કાયદાકીય બાબતોમાં આજે પણ અનેક અંગ્રેજી શબ્દોનો ઉપયોગ થાય છે. આવા જ બે મહત્વપૂર્ણ શબ્દો છે– Presumption અને Assumption. સામાન્ય બોલચાલમાં આ બંને માટે 'અનુમાન', 'ધારણા' કે 'માની લેવું' જેવા શબ્દોનો પ્રયોગ થાય છે, પરંતુ બંધારણીય અને કાયદાકીય સંદર્ભમાં તેનો અર્થ ખૂબ જ ગહન અને અલગ હોય છે.

Assumption (પૂર્વધારણા): કોઈ બાબતને વિચાર, ચર્ચા અથવા વિશ્લેષણના પ્રારંભિક આધાર તરીકે સ્વીકારી લેવી.

Presumption (કાયદાકીય ધારણા): કાયદો અથવા ન્યાયિક સિદ્ધાંત કોઈ હકીકતને શરૂઆતમાં માન્ય માનીને આગળ વધે અને ચોક્કસ પરિસ્થિતિમાં તેના વિરુદ્ધ પુરાવો રજૂ કરવાની જવાબદારી બીજી તરફ મૂકે.

પરંતુ આમાંથી કોઈપણ શબ્દનો અર્થ એ નથી કે "આપણે જે માની લઈએ, તે જ અંતિમ સત્ય છે." આ તફાવત ભારતીય લોકશાહી અને બંધારણીય સંસ્થાઓને સમજવા માટે અત્યંત જરૂરી છે.




૧. બંધારણીય સંસ્થા હોવાનો અર્થ બંધારણીય પ્રતિરક્ષા નથી!

ભારતીય બંધારણ કોઈ સંસ્થાને અસીમ સત્તાઓ જરૂર આપે છે, પરંતુ સાથે જ તે સત્તાની સ્પષ્ટ મર્યાદાઓ પણ નક્કી કરે છે. તેથી આ અટલ નિયમ સમજવો પડશે: Constitutional institution does not mean constitutional immunity. એટલે કે કોઈ સંસ્થા બંધારણીય છે, તેનો અર્થ એ નથી કે તેની દરેક કાર્યવાહી આપોઆપ કાયદો અને બંધારણના દાયરામાં સાચી માની લેવાય.

આનું સૌથી મોટું ઉદાહરણ ભારતનું ચૂંટણી પંચ (Election Commission of India - ECI) છે. બંધારણના અનુચ્છેદ 324 હેઠળ ચૂંટણી પ્રક્રિયાની દેખરેખ, દિશા-નિર્દેશન અને નિયંત્રણ ચૂંટણી પંચમાં નિહિત છે. પરંતુ અનુચ્છેદ 324 હેઠળ સત્તા મળવા માત્રથી પંચનો દરેક નિર્ણય આપોઆપ અટલ કે કાયદાકીય રીતે ત્રુટિહીન થઈ જતો નથી. સંસ્થાને સત્તા મળવી અને તે સત્તાના ઉપયોગને કાયદાની કસોટીથી બહાર રાખવી–બંનેલિકુલ અલગ બાબતો છે.

૨. બંધારણ પદને નહીં, પદાધિકારીને બાંધે છે

દેશના રાષ્ટ્રપતિ હોય કે વડાપ્રધાન, કેન્દ્રીય મંત્રીઓ હોય કે સાંસદો, ધારાસભ્યો હોય, ન્યાયાધીશો, આઈએએસ-આઈપીએસ અધિકારીઓ કે અન્ય કોઈ લોકસેવક–દરેક વ્યક્તિ પોતાના પદ અને સત્તાનો ઉપયોગ બંધારણ અને પ્રવર્તમાન કાયદાના દાયરામાં રહીને કરવા માટે બાધ્ય છે.

વિધાયિકા, કાર્યપલિકા અને ન્યાયપલિકા–રાજ્યના ત્રણેય અંગો માટે બંધારણ જ સત્તાનો સ્ત્રોત છે અને વળી તેની મર્યાદા પણ છે. કોઈપણ વ્યક્તિ કોઈ પણ ઉચ્ચ બંધારણીય કે કાયદાકીય પદ પર બેસી જાય, તો તે કાયદોથી ઉપર થઈ જતી નથી. પદ તેને અધિકાર અને જવાબદારી આપે છે, પરંતુ તે અધિકારનો ઉપયોગ મનસ્વી રીતે થઈ શકે નહીં. આ જ 'Rule of Law' (કાયદાનું શાસન) નો મૂળ આધાર છે.

૩. ચૂંટાયેલો પ્રતિનિધિ એટલે સર્વજ્ઞાની? ડૉ. આંબેડકરનું તંજ!

૧૭ સપ્ટેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણ સભાની ચર્ચા દરમિયાન ડૉ. બાબાસાહેબ આંબેડકરે આ ધારણાનો જોરદાર વિરોધ કર્યો હતો કે જો બંધારણ સભાના સભ્યો પુખ્ત મતાધિકારથી ચૂંટાયા હોત, તો તેઓ આપોઆપ વધુ બુદ્ધિશાળી કે રાજકીય સમજ ધરાવતા બની જાત.

તે સંદર્ભમાં ડૉ. આંબેડકરે એક ખૂબ મોટું સત્ય કહ્યું હતું: "Power and knowledge do not go together." એટલે કે સત્તા અને જ્ઞાન ક્યારેય આપોઆપ સાથે-સાથે ચાલતા નથી. લોકશાહીમાં ચૂંટણીથી મળતી પવિત્રતા તમને રાજકીય અધિકાર તો આપે છે, પરંતુ તે કોઈ વ્યક્તિને વૈચારિક અચૂકતા કે દરેક નીતિ પર અંતિમ સમજનું પ્રમાણપત્ર આપતી નથી.

૪. સુપ્રીમ કોર્ટનો ૨૭ મે ૨૦૨૬નો ચુકાદો અને SIR

બિહારમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) ને લઈને ૨૭ મે ૨૦૨૬ના રોજ સુપ્રીમ કોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો સામે આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે ઈસીઆઈની સત્તાઓને અનુચ્છેદ ૩૨૪ અને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ ની કલમ ૨૧(૩) સાથે જોડીને જોઈ હતી અને બિહાર એસઆઈઆરની કાયદાકીય માન્યતા સ્વીકારી હતી.

પરંતુ કલમ ૨૧(૩) માં 'કારણ નોંધવાની' સ્પષ્ટ ભાષા છે. આથી સ્પષ્ટ થાય છે કે સત્તાની સાથે-સાથે જવાબદારી અને કારણ જણાવવાનું દાયિત્વ પણ જોડાયેલું હોય છે. ચૂંટણી પંચને વિશેષ સંશોધન કરવાનો અધિકાર છે–તેવું સ્વીકારવું અને શું તે અધિકારનો ઉપયોગ કાયદો અને યોગ્ય પ્રક્રિયા હેઠળ થયો છે કે નહીં–તે પ્રશ્ન પૂછવો, બંને બાબતો એકબીજાની વિરોધી નથી. મતદાર યાદીમાં નામ હોવું એ એક ખંડનીય ધારણા (Rebuttable presumption) છે; એટલે કે કોઈપણ યોગ્ય કાયદાકીય પ્રક્રિયા કે નક્કર આધાર વિના કોઈપણ નાગરિકનું નામ અચાનક કાપી શકાતું નથી.

નિષ્કર્ષ: લોકશાહીની અસલી કસોટી શું છે?

નાગરિક હોવાના નાતે આપણે માત્ર એ ન પૂછવું જોઈએ કે સામેવાળી વ્યક્તિ કયા પક્ષ કે પદ પર છે. અસલી અને ધારદાર સવાલ એ હોવો જોઈએ કે:

તે વ્યક્તિ કે સંસ્થા દ્વારા ઉપયોગમાં લેવાતી સત્તાનો કાયદાકીય સ્ત્રોત શું છે?

તે સત્તાની મર્યાદાઓ શું છે?

શું નક્કી કરેલી પ્રક્રિયાઓનું પાલન થયું છે?

શું પ્રભાવિત વ્યક્તિને પોતાનો પક્ષ રાખવાની તક મળી છે?

અને સૌથી મહત્વની વાત–શું આ જ માપદંડ આપણે આપણી પસંદગીની સંસ્થાઓ અને નેતાઓ પર પણ લાગુ કરીએ છીએ?

લોકશાહીમાં કોઈપણ વ્યક્તિ, કોઈપણ પદ, કોઈપણ પક્ષ અને કોઈપણ બંધારણીય સંસ્થા બંધારણથી ઉપર નથી. સંસ્થાની સ્વતંત્રતાનું સન્માન કરતાં સત્તાના ઉપયોગ પર સવાલ ઉઠાવવો એ જ એક જીવંત, પ્રબુદ્ધ અને જાગૃત લોકશાહીની સાચી ઓળખ છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# દાઉદનું અપમાન એટલે મોતનું આમંત્રણ? ફિલ્મ 'ધુરંધર'માં કેમ બદલવું પડ્યું અંડરવર્લ્ડ ડોનનું નામ?

બોલિવૂડમાં ગુનાહિત દુનિયા અને અંડરવર્લ્ડ પર અગાઉ ઘણી ફિલ્મો બની ચૂકી છે, પરંતુ આદિત્ય ધરની બ્લોકબસ્ટર ફિલ્મ 'ધુરંધર' અને તેની સિક્વલ 'ધુરંધર 2' હાલમાં સોશિયલ મીડિયાથી લઈને સિનેમાઘરો સુધી ચર્ચાના કેન્દ્રમાં છે. આ ફિલ્મોમાં અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમની કુખ્યાત 'ડી કંપની'ના નેટવર્ક અને તેના કાળા કારોબારને ખૂબ જ આક્રમક રીતે દર્શાવવામાં આવ્યું છે. પરંતુ સૌથી મોટો સવાલ એ છે કે જો આ ફિલ્મ દાઉદની જિંદગી પર આધારિત છે, તો ફિલ્મમાં તેનું અસલી નામ કેમ નથી વાપરવામાં આવ્યું? આ સવાલનો ખુલાસો જાણીતા ક્રાઈમ રાઈટર અને રિસર્ચ જર્નાલિસ્ટ વિવેક અગ્રવાલે એક ઈન્ટરવ્યુમાં કર્યો છે, જેણે બધાને ચોંકાવી દીધા છે.

## દાઉદના નામથી કેમ કાંપતા હતા ફિલ્મ નિર્માતાઓ?

વિવેક અગ્રવાલે દાવો કર્યો છે કે એક સમય એવો હતો જ્યારે બોલિવૂડના મોટા-મોટા નિર્માતાઓ અને દિગ્દર્શકો અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમનું સાચું નામ ખુલ્લેઆમ લેવાથી ભારે ડરતા હતા. આ ડર માત્ર અટકળો પર આધારિત નહોતો, પરંતુ નિર્માતાઓ સારી રીતે જાણતા હતા કે જો પડદા પર દાઉદનું નામ લઈને તેની છબી સાથે ચેડા કરવામાં આવ્યા કે તેનું અપમાન કરવામાં આવ્યું, તો તેનું પરિણામ કેટલું ભયાનક હોઈ શકે છે. દાઉદ ભલે ગમે તેટલો છુપાયેલો હોય કે ગુનાહિત પ્રવૃત્તિઓથી દૂર થવાના દાવા કરતો હોય, પરંતુ એક બાબત પાક્કી છે–દાઉદ ઈબ્રાહિમ ક્યારેય પોતાનું અપમાન સહન કરતો નથી અને તેને અપમાન આપનાર કે પડકારનારને તે ક્યારેય જીવતો છોડતો નથી!

## ફિલ્મમાં દાઉદ જેવા પાત્રને બનાવવામાં આવ્યું લાચાર અને નબળો

'ધુરંધર' ફિલ્મોમાં દાઉદ ઈબ્રાહિમ સાથે સામ્યતા ધરાવતા આ પાત્રને 'મોટા સાહેબ' (બડે સાહબ) નામ આપવામાં આવ્યું છે. રસપ્રદ વાત એ છે કે ફિલ્મી પટકથામાં આ પાત્રને ખૂબ જ નબળો, લાચાર, બીમાર અને મરણપથારી પર પડેલો દર્શાવવામાં આવ્યો છે. અંડરવર્લ્ડના એક સમયના સૌથી ખતરનાક અને સર્વેસર્વા ડોનને પડદા પર આટલી લાચાર હાલતમાં દેખાડવો એ ખુદ દાઉદ અને તેના ગંગાજળ જેવા ફેલાયેલા સિન્ડિકેટ માટે કોઈ મોટા ઝાટકાથી કમ નથી. કદાચ કારણ છે કે ફિલ્મ નિર્માતાઓએ કાયદાકીય મુશ્કેલીઓ અને અંડરવર્લ્ડના સંભવિત ખતરાથી બચવા માટે નામ બદલવાનો સુરક્ષિત રસ્તો અપનાવ્યો.

## અંડરવર્લ્ડનો ડર અને બોલિવૂડનો જૂનો ઇતિહાસ

ભારતીય સિનેમા અને અંડરવર્લ્ડ વચ્ચેનો સંબંધ હંમેશાં ડર અને ઉત્સુકતાથી ભરેલો રહ્યો છે. નેવુંના દાયકામાં બોલિવૂડ પર ડી કંપનીનો સીધો ત્રાસ હતો. ફિલ્મો માટે ફાઈનાન્સિંગથી લઈને કલાકારોની પસંદગી સુધી અંડરવર્લ્ડ ફોન પર જ નક્કી કરતું હતું. સમય બદલાયો છે, સુરક્ષા એજન્સીઓ સક્રિય થઈ છે અને સરકારની કડકાઈ વધી છે, પરંતુ અંડરવર્લ્ડના ભયની માનસિકતા હજુ પણ ફિલ્મ ઉદ્યોગના અમુક વર્તુળોમાં જોવા મળે છે. 'ધુરંધર' જેવી ફિલ્મો ભલે હિંમત દાખવીને વાસ્તવિકતા દર્શાવવાનો પ્રયાસ કરતી હોય, પરંતુ ડરના કારણે નામો બદલવાની આ મજબૂરી દર્શાવે છે કે અંડરવર્લ્ડનો પડછાયો હજુ પણ ક્યાંક ને ક્યાંક મંડરાયેલો છે.

## નિષ્કર્ષ: ખુલાસાએ વધારી દીધી દર્શકોની ઉત્સુકતા

ક્રાઈમ રાઈટર વિવેક અગ્રવાલના આ ખુલાસા બાદ 'ધુરંધર' અને 'ધુરંધર 2' ને લઈને દર્શકોની ઉત્સુકતા બેગણી થઈ ગઈ છે. એક તરફ જ્યાં ફિલ્મની કહાની અને એક્શન સીન્સની ચર્ચા થઈ રહી છે, તો બીજી તરફ રિયલ લાઈફ ડોન અને રીલ લાઈફના 'મોટા સાહેબ' વચ્ચેની આ અસલી કહાની હવે ચર્ચાનો સૌથી ગરમ વિષય બની ગઈ છે. શું દાઉદ આ ફિલ્મના રિલીઝ અને તેમાં પોતાની મજાક ઉડાવવા પર કોઈ પ્રતિક્રિયા આપશે કે પછી સમય બદલાતા હવે અંડરવર્લ્ડની ધાક માત્ર કાગળ પર રહી ગઈ છે? આ તમામ સવાલો હાલમાં દેશ અને દુનિયાના સિનેમા પ્રેમીઓના હોઠ પર છે.

# સિતારાઓની ચમક પાછળનું એકાંત : વિનોદ કાંબલીની કહાણી આપણને શું શીખવે છે?

ક્રિકેટના મેદાન પર ક્યારેક એવો ખેલાડી આવે છે, જે પોતાની પ્રતિભાથી માત્ર રન નથી બનાવતો, પરંતુ કરોડો ચાહકોના હૃદયમાં સ્થાન બનાવી લે છે. વિનોદ કાંબલી પણ ભારતીય ક્રિકેટના એવા જ પ્રતિભાશાળી નામોમાંનું એક છે. બાળપણના મિત્ર અને મહાન ક્રિકેટર સચિન તેંડુલકર સાથે ક્રિકેટની



શરૂઆત કરનાર કાંબલીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી હતી.

પરંતુ સમયની ગતિ કેટલી નિર્મમ હોય છે! ક્યારેક જે નામ સ્ટેડિયમની ગર્જના વચ્ચે સંભળાતું હોય છે, એ જ નામ એક દિવસ જીવનની શાંતિ અને એકાંત વચ્ચે સંભળાય–એ વાત મનને અંદર સુધી હચમચાવી દે છે.

આપેલ સમાચાર-કટિંગમાં વિનોદ કાંબલી વૃદ્ધાશ્રમમાં રહેતા હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને તેમના સ્વાસ્થ્ય અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. અહેવાલમાં તેમની આંતરરાષ્ટ્રીય કારકિર્દીના આંકડાઓનો પણ ઉલ્લેખ છે. કાંબલીએ ટેસ્ટ ક્રિકેટમાં ૧૭ મેચોમાં ૧૦૮૪ રન અને વન-ડે ક્રિકેટમાં ૧૦૪ મેચોમાં ૨૪૭૭ રન બનાવ્યા હતા. તેમની પ્રતિભા અને કારકિર્દીના આ આંકડા દર્શાવે છે કે એક સમય એવો પણ હતો જ્યારે ક્રિકેટજગતમાં તેમનું નામ વિશેષ આદર સાથે લેવામાં આવતું હતું.

પરંતુ જીવન માત્ર સફળતાના આંકડાઓનું નામ નથી. જીવન એ સંબંધો, લાગણીઓ, સાથ અને સંવેદનાનું પણ નામ છે.

વિનોદ કાંબલીની કહાણી આપણને એક મહત્વનો પ્રશ્ન પૂછે છે–શું કોઈ વ્યક્તિની સફળતા તેના જીવનના અંતિમ પડાવ સુધી તેની સાથે રહી શકે છે?

જવાબ કદાચ 'ના' છે.

ધન, પ્રસિદ્ધિ, તાળીઓ અને ખ્યાતિ જીવનના કેટલાક પડાવને સુંદર બનાવી શકે છે, પરંતુ વૃદ્ધાવસ્થામાં માણસને સૌથી વધુ જરૂર હોય છે તો પોતાના માણસોની. એક એવો હાથ, જે મુશ્કેલીમાં ખભા પર આવીને કહે–"ચિંતા ન કરશો, હું તમારી સાથે છું."

આજના સમયમાં આપણે પોતાના માતા-પિતા માટે ઉત્તમ સુવિધાઓ ઊભી કરીએ છીએ, પરંતુ ઘણી વખત તેમની પાસે બેસીને બે શબ્દો બોલવાનું ભૂલી જઈએ છીએ. મોંઘી દવાઓ આપી શકાય, સુંદર ઘર આપી શકાય, તમામ ભૌતિક સુવિધાઓ આપી શકાય; પરંતુ હૂંફ, સમય અને લાગણી ખરીદી શકાતી નથી.

વિનોદ કાંબલીની જીવનયાત્રા અંગે સામે આવેલા આ અહેવાલને માત્ર એક ક્રિકેટરની વ્યક્તિગત પરિસ્થિતિ તરીકે જોવાને બદલે આપણે તેને સમાજ માટેના એક સંવેદનશીલ સંદેશ તરીકે પણ જોઈ શકીએ. વૃદ્ધાવસ્થા કોઈ બોજ નથી; એ તો જીવનભરની મહેનત, ત્યાગ અને સંઘર્ષ પછી મળેલો આરામનો અધિકાર છે.

જે માતા-પિતાએ આપણું બાળપણ સાચવ્યું હોય, તેમના વૃદ્ધાવસ્થાને આપણે સાચવવાની જવાબદારી પણ આપણી જ છે.

સ્ટેડિયમની તાળીઓ એક દિવસ બંધ થઈ જાય છે, પ્રસિદ્ધિ ધીમે ધીમે ઓછી થઈ જાય છે, પરંતુ સંબંધોની સાચી હૂંફ જીવનના અંતિમ શ્વાસ સુધી માણસને જીવંત રાખે છે.

કદાચ આ જ વિનોદ કાંબલીની કહાણીમાંથી મળતો સૌથી મોટો માનવીય પાઠ છે–

"સફળ થવું મહત્ત્વનું છે, પરંતુ સફળતા પછી પણ માણસ બનીને પોતાના માણસોની સાથે રહેવું એ તેનાથી પણ વધુ મહત્ત્વનું છે."

**- રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ**

# ભાજપા સરકારની બેધારી નીતિનો પર્દાફાશ: એક હાથથી 'પ્રાકૃતિક ખેતી'ના પાઠ, તો બીજા હાથથી કેમિકલયુક્ત ઝેરનું વેચાણ!

'એક તરફ ઝેર મુક્ત ખેતીના દાવાઓ, તો બીજી તરફ સરકારી કંપની દ્વારા કેમિકલના તોતિંગ વેચાણના આહ્વાન... આ ખેડૂતોની જિંદગી સાથે કઈ રમત રમાઈ રહી છે?'

ગુજરાતમાં શાસક પક્ષ દ્વારા છેલ્લા કેટલાક સમયથી 'પ્રાકૃતિક ખેતી', 'ગાય આધારિત ખેતી', 'સજીવ ખેતી' અને 'ઝેર મુક્ત ખેતી'ના મોટા-મોટા બણગા ફૂંકવામાં આવી રહ્યા છે. રાજ્યને દેશનું 'પ્રાકૃતિક ખેતી મોડલ સ્ટેટ' બનાવવાની લાંબી-લાંબી વાતો કરનાર સરકારની આતંરિક અને બેધારી નીતિઓ હવે ખુલ્લી પડી રહી છે. સવાલ એ થાય છે કે શું ખરેખર ભાજપા સરકારના કૃષિ મંત્રીઓ ભટકેલા છે કે પછી પોતાની જ જનવિરોધી નીતિઓથી ભાન ભૂલેલા છે?

કૃષિ મંત્રીનો ખુદનો સ્વીકાર છતાં કેમિકલનું લોન્ચિંગ!

એક અત્યંત વિરોધાભાસી અને આશ્ચર્યજનક કિસ્સો સામે આવ્યો છે, જ્યાં ખુદ કૃષિ મંત્રી એ વાતનો સ્વીકાર કરે છે કે રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના આડેધડ વપરાશના કારણે ગુજરાત અને દેશભરમાં કેન્સરના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે અને રોજ અસંખ્ય લોકો આ ગંભીર બીમારીનો ભોગ બની રહ્યા છે.

પરંતુ, સૌથી મોટો કળિયુગી વિરોધાભાસ એ છે કે એક તરફ આ ગંભીર જોખમોની જાહેરમાં કબૂલાત કરવાની અને બીજી બાજુ સરકારી કંપની GSFC (ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ) દ્વારા સાત-સાત ખતરનાક કેમિકલયુક્ત જંતુનાશક દવાઓનું ભવ્ય લોન્ચિંગ કરાવવામાં આવે છે! એટલું જ નહીં, ખુદ સરકાર દ્વારા ખેડૂતોને એવું આહ્વાન કરવામાં આવે છે કે આ કેમિકલયુક્ત દવાઓ વાપરવાથી પાક સુરક્ષા અને ઉત્પાદન વધશે.

કરોડોના ટેક્સ માટે ખેડૂતોના જીવ સાથે ખેલ?

આ ડાબેરી અને જમણેરી ચાલ વચ્ચે અસલી રમત કરોડો રૂપિયાની કમાણી અને ટેક્સની છે. સરકાર આ બધું જ સારી રીતે જાણે છે કે કેમિકલયુક્ત ખેતી માનવજાતિ અને ધરતી બંને માટે જીવલેણ છે, છતાં માત્ર આર્થિક સ્વાર્થ અને ટેક્સની લાલચમાં ઉત્પાદકો પાસેથી લાખો ટન જંતુનાશક દવાનું ઉત્પાદન કરાવવામાં આવે છે. સરકાર આ કેમિકલના વેચાણ પરથી કરોડો રૂપિયાનો ટેક્સ ઉઘરાવે છે અને બીજી બાજુ જાહેરમાં ખેડૂતોને 'પ્રાકૃતિક ખેતી' અપનાવવાની મોટી-મોટી અપીલો કરી વાહવાહી લૂંટે છે.

ખેડૂતોને ગેરમાર્ગે દોરવાનું બંધ કરો!

અન્નદાતા ખેડૂત ક્યારેય ઝેર વેચવા કે ધરતીને બંજર બનાવવા માગતો નથી. પરંતુ સરકારની આ બેધારી અને દોઢડાહી નીતિઓ સીધી રીતે ખેડૂતો અને સામાન્ય જનતાને ગેરમાર્ગે દોરી રહી છે. એક હાથે ઝેરનું પેકેટ પકડાવવું અને બીજા હાથે શુદ્ધતાના સોગંદ ખવડાવવા–આ ખેડૂતોની પીઠમાં ખંજર ભોંકવા સમાન છે.

રાજ્ય સરકાર જો ખરેખર ખેડૂતો અને પ્રજાના સ્વાસ્થ્ય પ્રત્યે ઈમાનદાર હોય, તો તેણે આ દંભી બેધારી નીતિઓ તુરંત બંધ કરવી પડશે. માત્ર ભાષણો અને જાહેરાતોથી ગુજરાત 'પ્રાકૃતિક' નહીં બને, તેના માટે સરકારે ખુદ કેમિકલના વેચાણને પ્રોત્સાહન આપવાનું બંધ કરવું પડશે!

# હોર્મુઝ પછી હવે અરબ સાગરમાં ઘૂસશે ઈરાની સેના!, સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈની મોટી જાહેરાત

ઈરાનના સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈએ મોટી જાહેરાત કરી દીધી છે. તેમણે કહ્યું છે કે તેમની સેના હવે અરબ સાગરનો સફાયો કરશે. જે બાદ દુશ્મનની ફોજ ટૂંક સમયમાં જ ત્યાંથી પણ બહાર થઈ જશે.



અનેકવાર દુશ્મનોને મળ્યો જડબાતોડ જવાબ આ નિવેદન એવા વિસ્તારો અંગે છે, જ્યાં ઈરાન પોતાની સુરક્ષાને લઈને હંમેશાં સતર્ક રહે છે. મોજતબા ખામેનેઈએ કહ્યું કે, દુશ્મનો પહેલાથી જ દક્ષિણ ઈરાનના જળસીમા પરથી હટીને અરબ સાગર સુધી પહોંચી ગયા છે. હવે ત્યાંથી પણ તેમનો સફાયો થવાનો છે. મોજતબાએ જણાવ્યું કે હોર્મુઝ સ્ટ્રેટની સુરક્ષા કરતાં ઈરાની જવાનોએ દુશ્મનોને અનેકવાર જડબાતોડ જવાબ આપ્યો છે. આ જ કારણે દુશ્મનો હવે એ વિસ્તારથી આગળ આવવાની હિંમત કરી શકતા નથી. જ્યારે પણ તેમણે પ્રયાસ કર્યો ત્યારે તેમણે પોતે જ નુકસાન ભોગવવું પડ્યું છે. આ નિવેદન ઈરાન-ઈરાક યુદ્ધની યાદ અને હિઝબુલ્લાહના નેતા હસન નસરૂલ્લાહના મોતની બીજી વરસી પર આપવામાં આવ્યું હતું. નસરૂલ્લાહને 2024માં ઈઝરાયલે મારી નાખ્યો હતો. ખામેનેઈએ આ પ્રસંગે દેશના જવાનોની બહાદુરીની પ્રશંસા કરી હતી. સુપ્રીમ લીડરે આગળ કહ્યું કે, ઈરાની ફોજ અને હોર્મુઝની રક્ષા કરતાં લડાયકો દુશ્મનોને દર વખતે પાઠ ભણાવતા રહ્યા છે. અરબ સાગર પણ ખૂબ જ ખાસ અરબ સાગર અને હોર્મુઝ સ્ટ્રેટ દુનિયાના સૌથી મહત્ત્વપૂર્ણ સમુદ્રી માર્ગોમાંથી એક છે. અહીંથી તેલનો મોટો જથ્થો પસાર થાય છે. આવામાં ઈરાનનું આ વલણ આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાનો વિષય બની શકે છે. તેમણે સ્પષ્ટ ચેતવણી આપી કે, દુશ્મન જેટલો આગળ વધવાનો પ્રયાસ કરશે એટલું જ પોતાનું નુકસાન કરશે.

# રશિયાના પ્રચંડ હુમલાથી યુરોપ સ્તબ્ધ: યુક્રેનને તમામ પેટ્રિઅટ મિસાઈલો સોંપવા અપીલ...!

યુક્રેન પર રશિયા દ્વારા સતત થઈ રહેલા ઘાતક હવાઈ હુમલાઓને લઈને યુરોપિયન યુનિયન (EU) દ્વારા ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. EUના વિદેશ નીતિ પ્રમુખ કાજા કલ્લાસે જણાવ્યું છે કે, શિયાળો શરૂ થાય તે પહેલાં યુક્રેનને તાત્કાલિક એર ડિફેન્સની જરૂર છે. તેમણે જે સભ્ય દેશો પાસે વધારાના પેટ્રિઅટ ઈન્ટરસેપ્ટર ઉપલબ્ધ છે, તેમને વિનંતી કરી છે કે તેઓ પોતાના ભંડારમાંથી આ સિસ્ટમ શક્ય તેટલી વહેલી તકે યુક્રેન મોકલે જેથી નિર્દોષ નાગરિકોનું રક્ષણ થઈ શકે. કાજા કલ્લાસે સોશિયલ મીડિયા પર માહિતી આપી કે, સભ્ય દેશો વચ્ચે યુરોપિયન પીસ ફેસિલિટીના 6.6 અબજ યુરોના ફંડની વહેંચણી અંગે સમજૂતી થઈ છે. આ નિર્ણયને કારણે સંરક્ષણ સાધનોની ખરીદી માટે ઓછામાં ઓછું 1 અબજ યુરોનું નવું ફંડ ઉપલબ્ધ થશે. આ આર્થિક મદદથી યુરોપિયન દેશો વચ્ચે સંરક્ષણ ક્ષેત્રે સહયોગ મજબૂત બનશે અને યુક્રેનને મળતી સુરક્ષા સહાયમાં પણ મોટો વધારો થશે. યુક્રેનના વિદેશ મંત્રી એન્ડ્રી સિબિહાએ જણાવ્યું કે, રવિવારે દેશના વિવિધ વિસ્તારોમાં કલાકો સુધી એર સ્ટ્રાઈકના સાયરન વાગતા રહ્યા હતા.



# તંત્રના નાક નીચે ધોળેદિવસે ઓરસંગ નદીમાંથી બેફામ રેતી ખનન: ટ્રેક્ટરો દ્વારા રેતી ચોરીનો ખેલ ચાલુ

## સરકારી કાર્યક્રમોમાં વ્યસ્ત તંત્ર પાંગળું પુરવાર: બ્રિજ અને રસ્તાઓને નુકસાન પહોંચાડતા ઓવરલોડ વાહનો સામે પ્રજામાં વ્યાપક રોષ





**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

છોટાઉદેપુર જિલ્લાની લોકમાતા ગણાતી ઓરસંગ નદીમાં હાલ ગેરકાયદેસર અને બેફામ રેતી ખનનનો કાળો કારોબાર ફાલીફૂલી રહ્યો છે. તંત્ર જ્યારે વિવિધ સરકારી કાર્યક્રમો અને ઉત્સવોની ઉજવણીમાં વ્યસ્ત છે, ત્યારે બીજી તરફ માફિયાઓ દ્વારા ધોળેદિવસે અને રાત્રિના અંધારામાં નદીનો ખોળો ખુંદીને રેતીની ચોરી કરવામાં આવી રહી છે. સામા કાંઠા વિસ્તારના ગામડાઓમાંથી પસાર થતી ઓરસંગ નદીમાંથી ટ્રેક્ટરો દ્વારા રેતી ચોરી કરવાના વિડીયો હાલ સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થતાં સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચી ગયો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, અવિરત અને અંધાધૂંધ ખનનના કારણે ઓરસંગ નદીનું નૈસર્ગિક અસ્તિત્વ જોખમમાં મુકાયું છે. પરિસ્થિતિ એટલી ગંભીર બની ગઈ છે કે હવે નદીના પટમાં રેતી નામશેષ થઈ ગઈ છે અને માત્ર કપચી તથા કાંકરા જ બાકી રહ્યા છે. પર્યાવરણને પહોંચી રહેલા આ ભારે નુકસાન છતાં જવાબદાર ખાણ-ખનિજ વિભાગ કે સ્થાનિક વહીવટી તંત્ર મૌન સેવીને બેસી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે.

**ફ્લાઈંગ સ્ક્વોડના દરોડા છતાં માફિયાઓને કોઈ ડર રહ્યો નથી**

હજુ થોડા દિવસો અગાઉ જ સ્ટેટ ફ્લાઈંગ સ્ક્વોડની ટીમે તેજગઢ નજીક દરોડા પાડીને કરોડો રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. આટલી મોટી કાર્યવાહી બાદ પણ ગેરકાયદેસર રેતી ખનન અને વહન કરતી ગેંગ બેફામ બની છે. છોટાઉદેપુર નગરના સામા કાંઠાના ગામડાઓ તથા આસપાસના વિસ્તારોમાંથી દરરોજ અસંખ્ય ઓવરલોડ ટ્રેક્ટરો અને ભારે વાહનો ખુલ્લેઆમ પસાર થઈ રહ્યા છે, જે દર્શાવે છે કે રેતી માફિયાઓમાં કાયદાનો કોઈ ડર રહ્યો નથી.

પ્રતિબંધિત અને નબળા બ્રિજ પરથી પણ ક્ષમતા કરતાં વધુ વજન ધરાવતા ઓવરલોડ વાહનો ધમધમી રહ્યા છે. જેના કારણે કરોડોના ખર્ચે બનેલા રસ્તાઓ અને નદી પરના બ્રિજને ભારે નુકસાન થઈ રહ્યું છે. ભવિષ્યમાં જો કોઈ મોટી દુર્ઘટના સર્જાશે તો તેનો જવાબદાર કોણ? એવા તીખા પ્રશ્નો હવે પ્રજાજનમાંથી ઉઠી રહ્યા છે.

સ્થાનિક રહીશોની એક જ માંગ છે કે તંત્ર કાગળ પરની કાર્યવાહી બંધ કરે અને નદીનું અસ્તિત્વ બચાવવા તેમજ સરકારી સંપત્તિને થતું નુકસાન અટકાવવા માટે રેતી માફિયાઓ સામે કડકમાં કડક પગલાં ભરે.

---

**મુમતાઝ પટેલ સહિત કાર્યકરોની અટકાયત**

# ભરૂચમાં કોંગ્રેસનું ઉગ્ર પ્રદર્શન: જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ



**ભરૂચ**

ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિએ ગતરોજ કલેક્ટર કચેરી બહાર ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામા અને કાનૂની કાર્યવાહીની માંગ સાથે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. કાર્યકરોએ હાથમાં બેનરો લઈ કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.

આ પ્રદર્શનમાં સ્વર્ગીય અહેમદ પટેલના પુત્રી મુમતાઝ પટેલ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ રણા, શહેર પ્રમુખ સલીમ અમદાવાદી, પૂર્વ પ્રમુખ પરિમલસિંહ રણા, મીડિયા પ્રવક્તા નાઝુ ફડવાલા અને શેરખાન પઠાણ સહિત ઘણા કાર્યકરો જોડાયા હતા. કોંગ્રેસના આગેવાનો કલેક્ટર કચેરી તરફ વધતા પોલીસે તેમને બેરિકેડિંગ કરીને રોક્યા હતા.

પોલીસ અને કાર્યકરો વચ્ચે ખેંચતાણ થઈ હતી અને પોલીસે મુમતાઝ પટેલ સહિતના કોંગ્રેસ કાર્યકરોની અટકાયત કરી તેમને 'એ' ડિવિઝન પોલીસ મથકે લઈ ગયા હતા. અટકાયત બાદ મુમતાઝ પટેલે મીડિયા સાથે વાત કરતા પોલીસ કાર્યવાહી સામે નારાજગી વ્યક્ત કરી હતી. મુમતાઝ પટેલે કહ્યું કે લોકશાહી અને બંધારણીય અધિકારો પર અસર થઈ રહી છે અને જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી હતી. તેમણે આ લડાઈને લોકશાહીના રક્ષણ માટેની ગણાવી હતી.

---

**જામનગર ના મેઘપર પડાણા પોલીસ સ્ટેશનના**

# દેશી દારૂના ગુનામાં અઢી માસથી નાસતા ફરતા આરોપીને પોરબંદર એલ.સી.બી.એ પકડી પડ્યો

**ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ**

પોરબંદર એલ.સી.બી.પોલીસે જામનગર જિલ્લાના મેઘપર પડાણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દેશી દારૂ લીટર ૨૨૫ કી. રૂ.૪૫,૦૦૦ પ્રોહીબિશન ના ગુનામાં છેલ્લા અઢી માસથી લાલશાહીંથી નાસતા ફરતા આરોપીને બખરલા થી આદિત્યાણા તરફ જતાં ટી પોઈન્ટ પાસેથી ઝડપી પાડી બગવદર પોલીસ સ્ટેશને સોંપી આરોપી બાબતે મેઘપર પડાણા પોલીસ સ્ટેશનને જાણ કરવાની તજવીજ કરવામાં આવેલ છે.

પોલીસ ફાઈલ મુજબ, ગત તા.૦૫/૦૭/૨૦૨૬ના રોજ જામનગર જિલ્લા ના મેઘપર પડાણા પોલીસ સ્ટેશનમાં ગુ ર. નં.C-૧૧૨૦૨૦૩૮૨૬૦૫૬૬/૨૦૨૬ પ્રોહીબિશન અધિનિયમ ની કલમ ૬૫(ઈ), ૮૧ મુજબ ગુનો નોંધાયો હતો. ગુના માં સંડોવાયેલ આરોપી ત્યારથી ફરાર હતો.

જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સૂચના તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાનાઓ દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના કરેલ.

જે સુચના અંતર્ગત એલ.સી. બી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. કાંબરીયાનાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફના એ.એસ.આઈ. ઉદય ભાઈ વરૂ તથા હેડ કોન્સ્ટેબલ હિમાંશુભાઈ મક્કા તથા પોલીસ કોન્સ્ટેબલ નટવર ભાઈ ઓડેદરા મળેલ ચોક્કસ બાતમીના આધારે જામનગર જિલ્લાના મેઘપર પડાણા પોલીસ સ્ટેશનમાં ગુ ર. નં.૧૧૨૦ ૨૦૩૮૨૬૦ ૫૬૬/૨૦૨૬ પ્રોહીબિશન અધિનિયમની કલમ ૬૫(ઈ), ૮૧ મુજબ ગુન્હાના ના કામે છેલ્લા અઢી માસ થી લાલશાહી થી નાસતા ફરતા આરોપી કેશુ રામભાઈ મોરી (ઉ.વ.૨૯), રહે. બખરલા માલદેવારીનેશ તા. તાલુકો /જીલ્લો પોરબંદરવાળા ને બખરલા થી આદિત્યાણા તરફ જતાં ટી પોઈન્ટ પાસેથી ઝડપી પાડ્યો હતો.

---

# ડભોઈના વિદેશી દારૂની હેરાફેરીના ગુનામાં છેલ્લા નવ માસથી નાસતા આરોપીને છોટાઉદેપુર પેટ્રોલિંગ ફ્લાઈંગ સ્કવોડે ઝડપી પાડ્યો

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

વડોદરા ગ્રામ્ય જિલ્લાના ડભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વિદેશી દારૂની હેરાફેરીના ગુનામાં છેલ્લા નવ માસથી પોલીસ પકડથી દૂર રહી નાસતા ફરતા આરોપીને છોટાઉદેપુર પેટ્રોલિંગ ફ્લાઈંગ સ્કવોડની ટીમે ઝડપી પાડ્યો હતો. આરોપીની ધરપકડ કરી વધુ કાયદેસરની કાર્યવાહી માટે ડભોઈ પોલીસને સોંપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આજિલ્લા ના વરિષ્ઠ અધિકારીઓની સૂચનાઓના અનુસંધાને છોટાઉદેપુર પેટ્રોલિંગ ફ્લાઈંગ સ્કવોડના પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી.કે. પંડ્યાના માર્ગદર્શન હેઠળ પો.કો. તપાસકર્તા નાયબે હ્યુમન સોર્સ આધારિત બાતમી મેળવી હતી કે, ડભોઈ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના ગુનામાં નાસતો ફરતો આરોપી જગદીશભાઈ અરવિંદભાઈ રાઠવા, રહે. નકામલી, તા.જી. છોટાઉદેપુર, પોતાના રહેણાંક વિસ્તારમાં હાજર છે. બાતમીના આધારે પોલીસ ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી આરોપીને ઝડપી પાડ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે આરોપી છેલ્લા નવ માસથી પોલીસ પકડથી દૂર નાસતો ફરતો હતો. મળેલી ચોક્કસ બાતમીના આધારે છોટાઉદેપુર પેટ્રોલિંગ ફ્લાઈંગ સ્કવોડના પોલીસ કર્મચારીઓએ આરોપીના ઠેકાણે પહોંચી તેને ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ આરોપીને ડભોઈ પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલા ગુનાના કામે કાયદેસરની કાર્યવાહી માટે રજૂ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

---

**ઊના તાલુકાના ઉટવાળા ગામે માલણ નદીમાંથી રેતી ઉપાડવાના આક્ષેપ**

# માલણ નદીના પટમાં રેતીનો ખેલ? ઉટવાળા ગામે બે ચેકડેમ તોડ્યાના આક્ષેપ, તાત્કાલિક સ્થળ તપાસની માંગ

**ઉના, કૈલૈશ ભટ્ટ**

બે ચેકડેમ તોડી નાખ્યાનો આક્ષેપ. તાત્કાલિક સ્થળ તપાસ અને કાર્યવાહી કરવાની માંગ.

ઊના તાલુકાના ઉટવાળા ગામે માલણ નદીના પટમાંથી કથિત રીતે ગેરકાયદેસર રેતી ઉપાડવાના આક્ષેપે ચકચાર જગાવી છે.

ગામના ભુપતભાઈ ઉકાભાઈ ગોહિલે મામલતદાર, ઉના સમક્ષ કરેલી લેખિત અરજીમાં છેલ્લા આશરે દોઢ વર્ષથી માલણ નદીમાંથી રેતી ઉપાડવામાં આવતી હોવાનો ગંભીર આક્ષેપ કરી સમગ્ર મામલે તાત્કાલિક સ્થળ તપાસ અને કાર્યવાહી કરવાની માંગ કરી છે.

અરજદારના જણાવ્યા મુજબ ઉટવાળા ગામના કેટલાક માથાભારે શખ્સો દ્વારા માલણ નદીના પટમાંથી રેતી ઉપાડવામાં આવે છે અને નદીની નજીક આવેલી રે.સ.નં. ૭ની જમીનમાં ટ્રેક્ટર તથા જેસીબી મારફતે રેતી ઠાલવવામાં આવે છે.



અરજીમાં હમીરભાઈની રે.સ.નં. 218ની જમીન નદીની બાજુમાં આવેલી હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ફરિયાદમાં માત્ર રેતી ચોરીનો જ નહીં પરંતુ માલણ નદી પરના બે ચેકડેમ તોડી નાખવામાં આવ્યા હોવાનો પણ ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે નદીના પાણીના સંગ્રહ અને આસપાસના ખેડૂતોના પાણીના હિતને નુકસાન પહોંચ્યું હોવાની શક્યતા છે.

સમગ્ર મામલે તંત્ર દ્વારા સ્થળ પર જઈ તપાસ કરવી જરૂરી બની છે. અરજદારનો દાવો છે કે રેતી ઉપાડવા અંગે તેમણે અગાઉ પણ સંબંધિત વ્યક્તિને જણાવ્યું હતું. ત્યાર બાદ મામલતદાર કચેરી, જિલ્લા કલેક્ટર તથા ખાણ-ખનિજ વિભાગમાં મૌખિક રજૂઆતો કરવામાં આવી હતી. આ ઉપરાંત 112 નંબર પર પણ જાણ કરવામાં આવી હોવાનો અરજીમાં ઉલ્લેખ છે. તેમ છતાં કાર્યવાહી ન થઈ હોવાનો અરજદારનો આક્ષેપ છે.

---

# ભારતમાલા એક્સપ્રેસ હાઈવે પર દારૂની હેરાફેરીનો પર્દાફાશ, 120 પેટી સાથે એક ઝડપાયો

**વાવ-થરાદ**



સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC) એ વાવ-થરાદ જિલ્લાના સુઈગામ પોલીસ મથકની હદમાં ભારતમાલા એક્સપ્રેસ હાઈવે નજીક દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂ-બીયરની આશરે 120 પેટી ઝડપી પાડી છે. પોલીસે 3,444 બોટલનો દારૂનો જથ્થો, જેની કિંમત 9,85,488 છે, સહિત વાહન, મોબાઈલ અને અન્ય મુદ્દામાલ મળી કુલ 16,90,488નો મુદ્દામાલ કબજે કર્યો છે. SMCના પો.સબ.ઈન્સ. ડી.એ. તુવરના માર્ગદર્શન હેઠળ ટીમે સુઈગામ તાલુકાના જોરાવરગઢ નજીક ભારતમાલા એક્સપ્રેસ હાઈવે પરથી થરાદ તરફથી ઉતરી ભાભર તરફ જવાના ટોલનાકા પાસે જાહેર રોડ પર રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન હરેશ બબાભાઈ નાઈ, રહે. ખોરડા, પ્લોટ વિસ્તાર, તા. થરાદને ઝડપી પાડવામાં આવ્યો હતો. આ કેસમાં બંધવડ, તા. રાધનપુરના લાખાભાઈ માનાભાઈ રબારી સહિત કુલ ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે. જેમાં દારૂનો જથ્થો ભરી આપનાર 'બન્ના' નામના ઈસમ તથા ઠેકાના માલિકનો પણ સમાવેશ થાય છે. સમગ્ર મામલે સુઈગામ પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ચાર આરોપીઓ સામે ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરાઈ છે.

---

**પોરબંદર LCBની મોટી કાર્યવાહી**

# 22 વર્ષથી પોલીસને ચકમો આપતો સોનાની ચોરીનો આરોપી પશ્ચિમ બંગાળથી ઝડપાયો!!

**ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ**

પોરબંદર કીર્તિમંદિર પોલીસ સ્ટેશન વિસ્તારમાં વર્ષ ૨૦૦૪માં સોનાના દાગીના અને મોબાઈલ ફોનની ચોરીના ગુનામાં છેલ્લા ૨૨ વર્ષથી નાસતા ફરતા તથા ગેઝેટ પ્રસિદ્ધ થયેલા આરોપીને પોરબંદર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) પોલીસે પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લામાંથી ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. પ્રાપ્ત વિગતો મુજબ, તા. ૨૧/૦૯/૨૦૦૪ના રોજ ફરિયાદી અન્સારઅલી મહમદઅલી બંગાલી શેખે કીર્તિમંદિર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીના જણાવ્યા મુજબ સોની બજાર પારેખ ચકલામાં આવેલી તેમની સોની કામની દુકાને આરોપી અફસર મુસ્તાકીન મંડલને સોનાના દાગીના પોલિશ કરવાના કારીગર તરીકે કામે રાખવામાં આવ્યો હતો. ફરિયાદી દુકાને હાજર ન હતા ત્યારે આરોપીએ દુકાનમાંથી અલગ-અલગ વજનના કુલ ૨૧૬.૯૧૦ ગ્રામ સોનાના દાગીના, જેની કિંમત રૂ. ૧,૧૫,૦૦૦ તથા રૂ. ૧,૫૦૦ની કિંમતનો નોકિયા મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧,૧૬,૫૦૦નો મુદ્દામાલ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે કીર્તિમંદિર પોલીસ સ્ટેશનમાં ગુ.ર. નં. ફર્સ્ટ ૭૪/૨૦૦૪, આઈ.પી.સી. કલમ ૩૮૧ મુજબ ગુનો નોંધાયો હતો. ત્યારબાદ આરોપી લાંબા સમયથી પોલીસ પકડથી દૂર રહ્યો હતો અને તેના વિરુદ્ધ ગેઝેટ પ્રસિદ્ધ તેમજ Cr.P.C. કલમ ૭૦ અને ૮૨ મુજબ વોરંટની કાર્યવાહી કરવામાં આવી હતી.





જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર જિલ્લા પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાની સૂચના અને LCB ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. કાંબરીયાના માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા આરોપીઓ ને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

દરમિયાન LCB સ્ટાફના એ.એસ.આઈ. રાજેન્દ્રભાઈ જોષી તથા હેડ કોન્સ્ટેબલ સલીમભાઈ પઠાણને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, ઉપરોક્ત ગુનામાં ૨૨ વર્ષથી ફરાર આરોપી મહમદ અફસર અલી મુસ્તકીનઅલી મોન્ડલ હાલ પશ્ચિમ બંગાળ રાજ્યના હુગલી જિલ્લાના સંચીતારા ગામમાં રહે છે.

---

# ઝાડેશ્વરમાં એક્ટિવાના નુકસાનના પૈસા માંગતા પરિવાર પર ટાઇલ્સથી હુમલો, પિતા-પુત્રને માથામાં ટાંકા

**ભરૂચ**

ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં નજીવી બાબતમાં મામલો એટલો ઉગ્ર બન્યો કે બે શખ્સોએ ભેગા મળીને એક આખા પરિવાર પર હિંસક હુમલો કરી દીધો. પાર્ક કરેલી એક્ટિવા સાથે મોટરસાયકલ અથડાતાં થયેલા નુકસાનના પૈસા માંગવા જતાં ઉશ્કેરાયેલા બંને શખ્સોએ સિમેન્ટની ટાઈલ્સના ટુકડા વડે હુમલો કર્યો હતો. ઝાડેશ્વરના જીઈબી પ્લાન્ટ પાછળ કોઠી ફળિયામાં રહેતા શ્રીરામ લાલબહાદુર ગોંડના ઘર પાસે એક મોટરસાયકલ સ્લીપ ખાતાં નજીકમાં પાર્ક કરેલી એક્ટિવા નીચે પડી ગઈ હતી. એક્ટિવામાં થયેલા નુકસાન અંગે પરિવારના હિરલબેને મોટરસાયકલ ચાલક પાસે ખર્ચની માંગણી કરી હતી. આ સાંભળીને બાઈક ચાલક ઉશ્કેરાઈ ગયો અને હિરલબેનને ધક્કો મારી ગાળો આપવા લાગ્યો. પરિવારના અન્ય સભ્યો વચ્ચે પડતાં બાઈક ચાલક અને તેની પાછળ બેઠેલા શખ્સે ઉગ્ર બનીને મારામારી શરૂ કરી દીધી. મોટરસાયકલ ચાલકે નજીકમાંથી સિમેન્ટની ટાઈલ્સનો ટુકડો ઉઠાવીને પુત્ર સાહિલના માથામાં ફટકારી દીધો. પુત્રને બચાવવા વચ્ચે પડેલા પિતા શ્રીરામને પણ ટાઈલ્સના ટુકડાથી ડાબા ગાલ અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ. ઘટનાના પગલે આસપાસના લોકો દોડી આવતાં બંને હુમલાખોરો ત્યાંથી ભાગી છૂટ્યા હતા. આ મારામારીમાં પિતા-પુત્ર સહિત ચાર લોકોને ઈજાઓ પહોંચી છે. પિતા-પુત્રને માથાના ભાગે ગંભીર ઈજા થતાં ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ટાંકા લેવા પડ્યા છે.

---

**ચૂંટણી પંચ સામે**

# છોટાઉદેપુરમાં કોંગ્રેસનો હલ્લાબોલ: 'જ્ઞાનેશ કુમાર રાજીનામું આપે'ના નારા સાથે યોજાઈ રેલી

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

ચૂંટણી પંચની કામગીરી અને લોકશાહી પ્રક્રિયા સામે ગંભીર સવાલો ઉઠાવી આજે છોટાઉદેપુર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા વિરોધ પ્રદર્શન અને રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ચૂંટણી પંચનો સંસ્થાકીય રીતે દુરુપયોગ કરી લોકશાહીને નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું હોવાના આક્ષેપ સાથે કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનો મોટી સંખ્યામાં રસ્તા પર ઉતરી આવ્યા હતા.

છોટાઉદેપુરના મુખ્ય માર્ગો પરથી પસાર થયેલી આ રેલીમાં કોંગ્રેસના કાર્યકરો હાથમાં પક્ષના ઝંડા અને સૂત્રોચ્ચાર લખેલા બેનરો સાથે જોડાયા હતા. પ્રદર્શનકારીઓએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર વિરુદ્ધ ભારે આક્રોશ વ્યક્ત કરીને તેમના તાત્કાલિક રાજીનામાની માંગ કરી હતી. સમગ્ર રેલી દરમિયાન ગુંજેલા આક્રમક સૂત્રોચ્ચારથી નગરનું વાતાવરણ ગરમાયું હતું.

રેલી નગરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈને જેવી સેવાસદન પહોંચી, તે સાથે જ અગાઉથી તૈનાત પોલીસે કોંગ્રેસના કાર્યકરોને ગેટ આગળ જ અટકાવી દીધા હતા. પરિસ્થિતિને થાળે પાડવા અને કાયદો-વ્યવસ્થા જાળવી રાખવા માટે સ્થળ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. પોલીસે વિરોધ કરી રહેલા કાર્યકરોને સમજાવવાના પ્રયાસો હાથ ધર્યા હતા.

આ પ્રસંગે કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ જણાવ્યું હતું કે, 'હાલમાં દેશમાં ચૂંટણી પંચ જેવી સ્વતંત્ર બંધારણીય સંસ્થાઓની તટસ્થતા સામે સવાલો ઉભા થઈ રહ્યા છે.




લોકશાહીના મૂલ્યોની રક્ષા કરવી એ અમારી પ્રાથમિકતા છે અને તેના માટે આગામી સમયમાં પણ આ લડત ચાલુ રહેશે.'આ વિરોધ પ્રદર્શનમાં છોટાઉદેપુર જિલ્લા કોંગ્રેસના તમામ પ્રમુખ આગેવાનો, સ્થાનિક પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.



## સાદગીભરી સ્ટાઇલિંગે વધારી સુંદરતા

# સાઈ પલ્લવીની રોયલ સાડીએ ખેંચ્યું ધ્યાન, ‘રામાયણ’ના પ્રમોશનમાં દેખાયો શાહી અંદાજ

મુંબઈ

પાર્ટ 1’ના પ્રમોશનલ ઈવેન્ટમાં સાઈ પલ્લવી પોતાના ખાસ લુકને કારણે ચર્ચામાં રહી હતી. ફિલ્મમાં સીતાનું પાત્ર ભજવી રહેલી અભિનેત્રીએ આ પ્રસંગે ગોલ્ડન-કોપર રંગની ટિશ્યૂ સિલ્ક સાડી પહેરી હતી. સાડીની હળવી ચમક અને તેના પર કરવામાં આવેલી પરંપરાગત કારીગરીએ તેમના લુકને શાહી ટચ આપ્યો હતો. સાઈ પલ્લવીની સાડી પર ગોટા-પટ્ટી અને જરદોજીનું બારીક વર્ક કરવામાં આવ્યું હતું. બોર્ડર પર ફ્લોરલ અને જિયોમેટ્રિક ડિઝાઈન જોવા મળી હતી, જ્યારે પલ્લુ પર લગાવવામાં આવેલા નાના ટાસલ્સે સાડીની સુંદરતામાં વધારો કર્યો હતો. સાડીનું ફેબ્રિક લિક્વિડ મેટલ જેવું હળવું ટેક્સચર ધરાવતું હતું, જેના કારણે લાઈટ પડતાં તેનો લુક વધુ સુંદર દેખાતો હતો.

સાડી સાથે સાઈ પલ્લવીએ મેચિંગ શોર્ટ-સ્લીવ બ્લાઉઝ પહેર્યું હતું. બ્લાઉઝની નેકલાઈન, સ્લીવ્સ અને બોડી પર ગોલ્ડન થ્રેડથી હેન્ડ એમ્બ્રોઈડરી અને જરદોજી વર્ક કરવામાં આવ્યું હતું. સમગ્ર આઉટફિટમાં કલર અને ડિઝાઈનનું કોમ્બિનેશન એકદમ સિમ્પલ છતાં ભવ્ય લાગતું હતું. સાદગીભરી સ્ટાઈલિંગે વધારી સુંદરતા સાઈ પલ્લવીએ પોતાના લુકને ઓવરસ્ટાઈલ કરવાનો પ્રયાસ કર્યો નહોતો. તેમણે ગોલ્ડ અને પર્લ ડ્રોપ ઈયરિંગ્સ તથા મેચિંગ બંગડીઓ પહેરી હતી. વાળને ચોટલીમાં બાંધીને ઉપર સેટ કર્યા હતા અને ચહેરાની આસપાસ કેટલીક લટો ખુલ્લી રાખવામાં આવી હતી. નાની બિંદી, હળવો મેકઅપ અને નેચરલ સ્મિત સાથે સાઈ પલ્લવીનો લુક પરંપરાગત હોવા છતાં ખૂબ જ સિમ્પલ અને એલિગન્ટ રહ્યો હતો. સોશિયલ મીડિયા પર પણ તેમના આ લુકની તસવીરોને લઈને ચર્ચા જોવા મળી રહી છે.

રણબીર કપૂર અને રવિ દુબે પણ ટ્રેડિશનલ અંદાજમાં પ્રમોશનલ ઈવેન્ટમાં રણબીર કપૂર પણ એથનિક લુકમાં જોવા મળ્યો હતો. તેમણે કુર્તા અને નેહરુ જેકેટ સાથે ડેનિમ પહેરી હતી. સનગ્લાસિસ અને શૂઝ સાથે તેમણે ટ્રેડિશનલ આઉટફિટને મોડર્ન સ્ટાઈલ આપી હતી. રવિ દુબેએ પણ આ પ્રસંગ માટે કુર્તા અને નેહરુ જેકેટ પસંદ કર્યા હતા. ડેનિમ સાથે ટ્રેડિશનલ કપડાંને સ્ટાઈલ કરીને તેમણે કેઝ્યુઅલ અને એથનિક લુકનું કોમ્બિનેશન રજૂ કર્યું હતું.

**સાડી સાથે સાઇ પલ્લવીએ મેચિંગ શોર્ટ-સ્લીવ બ્લાઉઝ પહેર્યું હતું**

# રણબીર કપૂર ભડક્યો ફોટોગ્રાફર પર

## રણબીર કપૂર ‘લવ એન્ડ વૉર’ પહેલા નિતેશ તિવારીના દિગ્દર્શનમાં બનેલી ફિલ્મ ‘રામાયણ પાર્ટ 1’ માં નજરે પડશે



મુંબઈ

બોલીવુડ એક્ટર રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ એકસાથે ડાયરેક્ટર સંજય લીલા ભણશાળીની ફિલ્મ ‘લવ એન્ડ વોર’માં નજરે પડવાના છે. તાજેતરમાં ફિલ્મમાંથી ત્રણેય સ્ટાર્સનો ફર્સ્ટ લુક હાલમાં જ ફિલ્મમાંથી ત્રણેય સ્ટાર્સનો ફર્સ્ટ લુક પોસ્ટર સામે આવ્યુ છે. ત્યારબાદ ત્રણેય એક્ટર્સ અને ભણસાળી એકસાથે મુંબઈમાં કોઈ રેસ્ટોરન્ટમાં ડિનર કરવા પહોંચ્યા. ત્યાં રણબીરનું એવું રિએક્શન જોવા મળ્યું કે વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયું. જ્યારે રણબીર, આલિયા, વિકી કૌશલ અને સંજય લીલા ભણસાલીને પેપરાજીએ સ્પૉટ કર્યા, ત્યારે ચારેયે સાથે મળીને પૉઝ આપ્યા અને ફોટા પડાવ્યા. ફોટા પડાવ્યા પછી જ્યારે બધા ત્યાંથી જવા લાગ્યા અને પોતાની કાર તરફ આગળ વધ્યા, તો એક પેપરાજી વારંવાર રણબીરને જોઈને બૂમો પાડવા લાગ્યો. તે પેપરાજી વારંવાર અવાજ કરી વધુ ફુટેજ આપવાની માંગ કરી રહ્યો હતો. આવી સ્થિતિમાં રણબીર થોડો ગુસ્સે થઈ ગયો. રણબીર કપૂરનું રિએક્શન. રણબીર કપૂર અચાનક પાછા ફરે છે અને પેપરાજીને કહે છે- ‘બહુ વધારે બોલી રહ્યો છે તું.’ રણબીરનો આ પ્રતિભાવ (રિએક્શન) સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયો. ત્યારપછી તે પોતાની પત્ની આલિયા સાથે આગળ વધી જાય છે. વિકી કૌશલ પણ ત્યાંથી નીકળતો દેખાય છે. ‘‘લવ એન્ડ વૉર’ 21 જાન્યુઆરી 2027ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. આ એક રૉમેંટિક-વૉર ફિલ્મ છે. તેમાં લવ-ટ્રાયેંગલની કહાની છે. કહેવાય છે કે ફિલ્મમાં રણબીર અને વિકી આર્મી ઓફિસરના રોલમાં નજર આવશે. પહેલા આ ફિલ્મ ડિસેમ્બર 2025માં જ રિલીઝ થવાની હતી, પરંતુ બાદમાં મેકર્સે તેને પોસ્ટપોન (મોકૂફ) કરી દીધી હતી.

# એક શરત પર અનિલ કપૂર સાથે લગ્ન કર્યા હતા પત્ની સુનીતાએ

## સુનીતાનો અવાજ સાંભળતાં જ અનિલ કપૂર તેના પ્રેમમાં પડી ગયા હતા અને ત્યારથી બંનેનો સાથ અવિરત ચાલુ છે

મુંબઈ

બોલિવૂડના અભિનેતા અનિલ કપૂરે તાજેતરમાં એક રિયાલિટી શોમાં પત્ની સુનીતા સાથેના લગ્નની રસપ્રદ વાત શેર કરી. સુનીતાએ રસોડામાં ન જવાની શરત મૂકી હતી. અનિલે આ શરત સ્વીકારી સખત મહેનત કરી સફળતા મેળવી. 1984માં માત્ર 30 મિનિટમાં લગ્ન થયા હતા અને આજે પણ સુનીતા ક્યારેય રસોડામાં ગઈ નથી. આ પ્રેરણાદાયી કિસ્સો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. બોલિવૂડના ’ઝકાસ કિંગ’ અનિલ કપૂર રીયલ લાઈફમાં એક આદર્શ ફેમિલી મેન તરીકે જાણીતા છે. તેઓ પોતાની પત્ની સુનીતા અને બાળકોની અત્યંત નજીક છે. તાજેતરમાં ટેલિવિઝન રિયાલિટી શો ’ઈન્ડિયા કે ટોપ 1 પર્સેન્ટ’ના એક એપિસોડ દરમિયાન સ્પર્ધક સાથે વાતચીત કરતી વખતે અનિલ કપૂરે પોતાના લગ્નજીવન સાથે જોડાયેલો એક રસપ્રદ અને પ્રેરણાદાયી કિસ્સો શેર કર્યો હતો. કઈ શરત પર થઈ હતી અનિલ-સુનીતાના લગ્ન? અનિલ કપૂરે જણાવ્યું કે સુનીતાએ લગ્ન કરતાં પહેલાં તેમની સામે એક સ્પષ્ટ અને ખાસ શરત મૂકી હતી. સુનીતાએ સાફ કહી દીધું હતું કે તેઓ લગ્ન પછી ક્યારેય રસોડામાં પગ નહીં મૂકે. અનિલ કપૂરે આ અંગે વિગતવાર વાત કરતાં કહ્યું: ‘મારી પત્ની સુનીતાએ શરત રાખી હતી કે તે મારી સાથે ત્યારે જ લગ્ન કરશે જ્યારે તેને કિચનમાં જવું ન પડે. તેની આ શરત સાંભળ્યા પછી મેં વિચાર્યું કે મારે જીવનમાં સખત મહેનત કરવી પડશે અને એટલા સફળ બનવું પડશે કે જેથી તેને ક્યારેય રસોડામાં જવું ન પડે. મેં તે જવાબદારી સંપૂર્ણપણે નિભાવી અને આજે પણ સુનીતા ક્યારેય રસોડામાં ગઈ નથી. અનિલ કપૂર અને સુનીતાના લગ્ન વર્ષ 1984માં થયા હતા, પરંતુ તેમની પ્રેમ કહાની લગ્નના એક દાયકા પહેલાં એટલે કે વર્ષ 1973માં શરૂ થઈ ગઈ હતી. એક જૂના ઈન્ટરવ્યુમાં અનિલ કપૂરે જણાવ્યું હતું કે જ્યારે તેઓ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા, ત્યારે તેમના એક મિત્રએ સુનીતાને અનિલનો નંબર આપ્યો હતો. તે સમયે સુનીતા એક સફળ અને જાણીતી મોડેલ હતી. મિત્રના કહેવા પર સુનીતાએ અનિલને એક પ્રૅન્ક કૉલ કર્યો હતો.





# ગોવિંદાની ગર્લફ્રેન્ડે સુનીતાને 'હત્યારી' કહેતા ભાણેજવહુ ભડકી

## કશ્મીરાએ કહ્યું- 'કૉ-સ્ટારને અંગત વાતોની ખબર કેવી રીતે પડી? હું મામી સાથે હંમેશા ઊભી રહીશ'

મુંબઈ

બોલિવૂડ એક્ટર ગોવિંદાની પત્ની સુનીતા આહુજા અને તેની કથિત ગર્લફ્રેન્ડ કોમલ રાની સ્વર્ણકાર વચ્ચેનો વિવાદ વધુ ઘેરો બની રહ્યો છે. કોમલ તરફથી સુનીતા પર પોતાના જ પતિને મારવાનો પ્રયાસ કરવાનો ગંભીર આરોપ લગાવ્યા બાદ હવે ગોવિંદાની ભાણેજ કશ્મીરા શાહ મામી સુનીતાના સમર્થનમાં ઉતરી આવી છે. કશ્મીરાએ ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા કોમલ પર નિશાન સાધતાં કહ્યું કે, ’કામની જગ્યાએ કોઈ કૉ-સ્ટારને આટલી અંગત વાતોની જાણકારી હોતી નથી.’ તેણે સુનીતાને એક મજબૂત મહિલા ગણાવતા દરેક પરિસ્થિતિમાં તેની સાથે ઊભા રહેવાની વાત કહી છે. કશ્મીરા શાહે લખ્યું કે, ’પોતાની 30 વર્ષની કારકિર્દી અને 50 ફિલ્મોના અનુભવમાં કોઈ ’કૉ-સ્ટાર’ને મારા અંગત જીવન અથવા લાગણીઓની જાણકારી રહી નથી. મેં માત્ર પોતાના પતિ કૃષ્ણા સાથે જ પોતાની વાતો શેર કરી છે.’ કશ્મીરાએ પ્રશ્ન ઉઠાવ્યો કે કામ કરવાની જગ્યાએ આવો કોઈ સંબંધ તેણે ક્યારેય જોયો નથી, જેમાં કોઈ કૉ-સ્ટારને આટલી અંગત વાતોની જાણકારી હોય. કોમલ રાનીના આરોપોનો જવાબ આપતાં કાશ્મીરાએ લખ્યું કે, ’પોતાના પરિવારની સંભાળ રાખતી મહિલાઓને ઘણીવાર ઘમંડી, પ્રભુત્વ જમાવનારી અથવા સ્વાર્થી કહી દેવામાં આવે છે. પરંતુ આ પહેલીવાર છે જ્યારે કોઈને ’હત્યારી’ કહેવામાં આવી રહી છે.’ કશ્મીરાએ કહ્યું કે, ’જો પોતાના લોકોની સુરક્ષા કરનારી માતા, પત્ની અથવા બહેનને હત્યારી કહેવામાં આવે છે, તો મને તેના પર ગર્વ છે.’ તેણે સુનીતાની પ્રશંસા કરતાં કહ્યું કે, ’હું હંમેશા તમારી સાથે ઊભી રહીશ.’ પતિ ગોવિંદા સાથે છેતરપિંડી અને કોમલ રાની સાથે એક્સ્ટ્રા મેરિટલ અફેરના આરોપ લગાવતી સુનીતાએ તાજેતરમાં કોલકાતાના દક્ષિણેશ્વર કાલી મંદિરમાં કહ્યું હતું કે, જે સ્ત્રી તેમનું ઘર તોડી રહી છે, માતા રાણી તેને પાઠ ભણાવે.

# મુંબઈ ઇન્કમ ટેક્સના રડારમાં આવ્યું બોલિવુડ, રકુલપ્રીત સિંહ અને વાસુ ભગનાની સહિત 12 સ્થળોએ દરોડા...

મુંબઈ

બોલિવુડના કેટલીક મોટી હસ્તીઓ આવકવેરા વિભાગ (ઈન્કમ ટેક્સ વિભાગ)ના નિશાન પર આવી છે. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે ફિલ્મોના નામે વિદેશમાં રૂપિયા મોકલવા અને ટેક્સ ચોરી કરવાની શંકાએ મુંબઈ આવકવેરા વિભાગ દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. મુંબઈમાં ફરી એકવાર આવકવેરા વિભાગ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીના કારણે બોલિવુડમાં હડકંપ મચી ગયો છે. ચાલો વિગતે ચર્ચા કરીએ... આવકવેરા વિભાગે કુલ 12 જગ્યાએ રેડ પાડી

મુંબઈ આવકવેરા વિભાગ દ્વારા ટેક્સ ચોરી અને ફિલ્મોના પ્રમોશનના નામે વિદેશમાં રૂપિયા મોકલવાના કેસમાં અનેક નામી હસ્તીઓન અને પ્રોડક્શન હાઉસ પર કાર્યવાહી શરૂ કરી છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો, આવકવેરા વિભાગે અભિનેત્રી રકુલપ્રીત સિંહ, દિગ્ગજ ફિલ્મ નિર્માતા વાસુ ભગનાની અને પેનોરમા સ્ટૂડિયોઝ સાથે સંકળાયેલ કુલ 12 જગ્યાએ રેડ પાડીને તપાસ શરૂ કરી છે. આવકવેરા વિભાગને ઘણાં લાંબા સમયથી બાતમી મળી રહી હતી કે, ફિલ્મનું શૂટિંગ અને ઓવરસીઝ ડિસ્ટ્રીબ્યૂશન અને પ્રોડક્શનના નામે મોટી રકમ વિદેશમાં મોકલવામાં આવી રહી હતી. જેથી આ આવકવેરા વિભાગને શંકા ગઈ છે કે, આ પ્રક્રિયા દ્વારા મોટા પ્રમાણમાં ટેક્સની હેરાફેરી કરવામાં આવી રહી છે. આ મામલે મુંબઈ આવકવેરા વિભાગની અલગ અલગ ટીમોએ મુંબઈમાં અનેક જગ્યાએ રેડ પાડી છે. આવકવેરા વિભાગને બોલિવુડ અને સાઉથ સિનેમા જગતમાં લોકપ્રિય અભિનેત્રી રકુલપ્રીત સિંહ અને પૂજા એન્ટરટેન્ટમેન્ટના બેનર હેઠળ અનેક મોટી બોલિવુડ ફિલ્મો બનાવી ચૂકેલા જાણીતા ફિલ્મ નિર્માતા વાસુ ભગનાની પર સૌથી વધારે શંકા છે.



### 'સબ્જીમાંથી ઈયળ અને દાળમાંથી કાનખજૂરો નીકળ્યો': એકની તબિયત લથડી

# ગુજરાત યુનિવર્સિટી કેમ્પસની સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં 100થી વધુ વિદ્યાર્થિનીઓનો હોબાળો

અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આવેલી સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં આજે(28 સપ્ટેમ્બર) વિદ્યાર્થિનીઓને આપવામાં આવેલા ખોરાકમાંથી જીવાત નીકળતા વિવાદ સર્જાયો છે. જમ્યા બાદ એક વિદ્યાર્થિનીની તબિયત લથડી જતાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડાઈ હતી. ખરાબ જીવાતવાળા ખોરાક હોસ્ટેલમાં આપવામાં આવતા અન્ય વિદ્યાર્થિનીઓએ ભારે હોબાળો મચાવ્યો હતો. સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં વિદ્યાર્થિનીઓને ગુણવત્તાયુક્ત ભોજન આપવામાં ન આવતું હોવાનું સામે આવ્યું છે. જેથી 100થી વધુ વિદ્યાર્થિનીઓ સમરસ ગર્લ્સ હોસ્ટેલ બહાર ધરણા પર બેસી ગઈ હતી. 'વોર્ડન તુમ એક કામ કરો ખુરશી છોડી આરામ કરો' ના નારા સાથે ABVP અને વિદ્યાર્થિનીઓ દ્વારા ભારે હોબાળો કર્યો હતો. તેમજ મેનેજમેન્ટને બહાર બોલાવીને ABVP અને વિદ્યાર્થિનીઓ દ્વારા ધમકાવવામાં આવ્યા છે. સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં 800 વિદ્યાર્થીનીઓ રહે છે. પ્રમુખ ભોજન નામની એજન્સીને ભોજન માટેની કામગીરી સોંપવામાં આવી છે. પરંતુ સરકારી હોસ્ટેલ છતાં પણ વિદ્યાર્થીનીઓને ભોજન આપવામાં ગુણવત્તા જણાવવામાં આવતી નથી. છેલ્લા કેટલાક સમયથી અવારનવાર ભોજનમાંથી જીવાત નીકળી રહી છે. જ્યારે જ્યારે વિદ્યાર્થીનીઓ વોર્ડનને ફરિયાદ કરે ત્યારે માત્ર એજન્સીને નોટિસ ફટકારી સંતોષ માની લેવામાં આવે છે. અત્યાર સુધી એજન્સીને જીવાત નીકળવાની અને ગુણવત્તાયુક્ત જમવાનું ન આપતા હોવાની ફરિયાદ મળતા 4 નોટિસ ફટકારવામાં આવી છે. પરંતુ એજન્સી સામે કોઈપણ પ્રકારની કડક કાર્યવાહી કરવામાં ન આવતા અવારનવાર ઘટનાઓ વધી રહી હોવાનો વિદ્યાર્થીનીઓએ આક્ષેપ કર્યો છે. વિદ્યાર્થિની જાનવી ડાભીએ કહ્યું હતું કે, અમારે મેનુ ચેન્જ કરાવું છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી કહીએ છીએ છતાં પણ મેનુ ચેન્જ કરતાં નથી. મારે ઈન્ટર્નશીપ ચાલુ છે તો પણ મને 8.30 વાગ્યા સુધીની પરમિશન આપવામાં આવે છે અને મારે 9 વાગ્યા સુધીની પરમિશન જોઈએ છે પરંતુ તે આપતાં નથી. એવું કહે છે કે તમારી સેફટી માટે અમે પરમિશન નહીં આપીએ. તો શું હવે જમવામાંથી જીવાત નીકળે છે તો તેમાં વિદ્યાર્થિનીઓની સેફ્ટીનું કેમ ધ્યાન રાખવામાં આવતું નથી. જમવામાંથી જીવાત નીકળવી તે વિદ્યાર્થિનીઓની સેફટી નથી માત્ર રાત્રે મોડા ન આવવું તેમાં જ વિદ્યાર્થિનીઓની સેફટી છે.

વિદ્યાર્થિની ભડાણીયા જાનવીએ કહ્યું હતું કે, જમવામાંથી જીવાત નીકળે છે ત્યારે અમે રજૂઆત કરીએ તો વોર્ડન એવો જવાબ આપે છે કે તમે પ્લેટ સાઈડમાં મૂકી દો અને બીજી પ્લેટ લઈ લો. જીવાત નીકળ્યા બાદ પણ બીજી છોકરીઓને ના પાડવામાં આવતી નથી કે તમે આ ખોરાક ખાતા નહીં. જ્યારે બીજી છોકરીઓ બીમાર થશે તો કોની જવાબદારી? સમરસ હોસ્ટેલમાં સમાજકલ્યાણના અધિકારી ઉર્વશી દેસાઈએ કહ્યું કે, જ્યારે પણ આ પ્રકારની ઘટના બનતી હોય છે ત્યારે અમે એન્જન્સીને જાણ કરીએ છીએ અને તેનું ધ્યાન દોરતા હોઈએ છીએ. અમે એજન્સીને આ બાબતે નોટિસ પણ આપીએ છીએ. નોટિસ આપીને ધ્યાન રાખવા માટે પણ સૂચના આપવામાં આવી છે. ગયા મહિને એજન્સીને ત્રણ વખત નોટિસ આપવામાં આવી હતી તેમજ આ વખતે એક બીજી નોટિસ આપીશું.



**અત્યાર સુધી એજન્સીને જીવાત નીકળવાની અને ગુણવત્તાયુક્ત જમવાનું ન આપતા હોવાની ફરિયાદ મળતા 4 નોટિસ ફટકારવામાં આવી**

## સંક્ષીપ્ત સમાચાર

### થેલેસેમીયાગ્રસ્ત બાળકો માટે યોજાયેલા મહા રક્તદાન કેમ્પમાં 800થી વધુ બોટલ રક્ત એકત્ર કરવાનો ભવ્ય સંકલ્પ!

અમદાવાદ શહેર પોલીસ અને રેડ ક્રોસ સોસાયટી દ્વારા માનવતાની મહેક ફેલાવતું એક અત્યંત પ્રેરણાદાયી અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. થેલેસેમીયા જેવા ગંભીર રોગ સામે ઝઝૂમી રહેલા માસૂમ બાળકોના જીવનની રક્ષા માટે અમદાવાદ શહેર પોલીસ દ્વારા એક વિશાળ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત ઝોન-૬ ડીસીપી હસ્તક આવતા તમામ પોલીસ સ્ટેશનોના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લઈને રક્તદાન કર્યું હતું. આ સેવાકીય કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય થેલેસેમીયાથી પીડિત બાળકો માટે રક્તની અછત ન સર્જાય અને તેમને સમયસર લોહી મળી રહે તે સુનિશ્ચિત કરવાનો છે. આ કેમ્પમાં અંદાજે ૮૦૦ થી વધુ બોટલ રક્ત એકત્રિત કરવાનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, જેને સિદ્ધ કરવા માટે પોલીસ જવાનો અને નાગરિકો આગળ આવી રહ્યા છે. આ ગરિમાપૂર્ણ અને માનવતાવાદી કાર્યક્રમમાં અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોત ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### ધંધુકામાંથી ₹4 લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપાયો, ક્રેટા કારમાંથી 1,390 બોટલો જપ્ત!

ગુજરાતમાં દારૂબંધીના કડક દાવાઓ વચ્ચે બુટલેગરોની અવનવી મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ થયો છે. અમદાવાદ જિલ્લાના ધંધુકા વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમે બાતમીના આધારે અત્યંત આક્રમક અને ત્વરિત કાર્યવાહી કરીને બુટલેગરોના નેટવર્ક પર મોટો ઘા માર્યો છે. પોલીસે એક હ્યુન્ડાઈ ક્રેટા કારમાંથી વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડીને રાજસ્થાનના એક શખ્સની ધડપકડ કરી છે, જ્યારે આ કાળા કારોબારના મુખ્ય સૂત્રધાર એવા દારૂ મંગાવનાર અને મોકલનાર શખ્સો પોલીસ પકડથી દૂર ફરાર થઈ ગયા છે. મળતી માહિતી મુજબ, સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને ચોક્કસ અને આધારભૂત બાતમી મળી હતી કે ધંધુકા વિસ્તારમાંથી એક શંકાસ્પદ કારમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ગેરકાયદેસર રીતે વહન કરવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવીને ધંધુકા પંથકમાંથી એક હ્યુન્ડાઈ ક્રેટા કારને અટકાવી હતી.

### ટ્યુશન જતી વિદ્યાર્થિનીની રિક્ષાચાલકે કરી છેડતી, સગીરા ધક્કો મારી ચુંગાલમાંથી ભાગી છૂટી! આરોપી ઝડપાયો

અમદાવાદના વસ્ત્રાલમાં ધોરણ 10માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની સાથે રિક્ષાચાલકે છેડતી કરી. 26મી સપ્ટેમ્બરે ટ્યુશન ક્લાસ જતી સગીરાને ઓઢવ જડેશ્વર વનના ગેટ પાસે રિક્ષા રોકી કલ્પેશ પટેલે છેડતી કરી. સગીરાએ હિંમતભેર ધક્કો મારી છૂટી, બીજી રિક્ષા પકડી ક્લાસ પહોંચી. શિક્ષિકાએ માતાને બોલાવતાં ઘટના પ્રકાશમાં આવી. માતાએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી રિક્ષાચાલકને ઝડપી પાડ્યો છે. વસ્ત્રાલ વિસ્તારમાં રહેતી અને ધોરણ 10માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની સાથે રિક્ષાચાલકે છેડતી કરી હોવાની ઘટના સામે આવી છે. ટ્યુશન ક્લાસ જવા નીકળેલી સગીરાની રિક્ષાચાલકે ઓઢવ જડેશ્વર વનના ગેટ નજીક રિક્ષા રોકીને છેડતી કરી હતી. જોકે, હિંમત દાખવી સગીરાએ રિક્ષાચાલકને ધક્કો મારી તેની ચુંગાલમાંથી મુક્ત થઈ બીજી રિક્ષા પકડી ક્લાસ પહોંચી ગઈ હતી. ક્લાસમાં રડતી બાળકીને જોઈ શિક્ષિકાએ માતાને બોલાવતાં સમગ્ર ઘટનાના જણાવી હતી. આ અંગે સગીરાની માતાએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપી રિક્ષાચાલકની ધરપકડ કરી છે.

### હાઈ-સ્પીડ ગાંજાના જથ્થા સાથે ચાર શખ્સો ઝડપાયા, સિંધુભવન રોડ પર ધમધમતું ડ્રગ્સ રેકેટ પકડાયું!

અમદાવાદ શહેરમાં યુવાધનને બરબાદ કરી રહેલા નશીલા પદાર્થો અને ડ્રગ્સના દૂષણને નેસ્તનાબૂદ કરવા માટે શહેર પોલીસ દ્વારા 'ઝીરો ટોલરન્સ પોલિસી' (Zero Tolerance Policy) અપનાવવામાં આવી છે. પોલીસ કમિશનર અને ઉચ્ચ અધિકારીઓની કડક સૂચનાઓ અન્વયે સરખેજ પોલીસ સ્ટેશનની ટીમે ગુનેગારો સામે અત્યંત આક્રમક અને સરાહનીય કાર્યવાહી હાથ ધરી છે. સરખેજ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર એલ.એલ. ચાવડાના માર્ગદર્શન હેઠળ પોલીસે બાતમી અને વોચના આધારે હાઈ-સ્પીડ ગાંજાના જથ્થા સાથે ચાર કુખ્યાત ઈસમોને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. તારીખ ૨૭/૦૯/૨૦૨૬ના રોજ રાત્રિના સુમારે સરખેજ પોલીસ સ્ટેશનની ટીમ રાત્રિ ગ પેટ્રોલિંગ અને અસામાજિક પ્રવૃત્તિઓને ડામવાની કામગીરીમાં હતી. દરમિયાન કલાક ૦૧:૩૦ વાગ્યાના અરસામાં એસ.પી. રિંગ રોડ તરફથી સિંધુભવન રોડ તરફ એક કાળા રંગનું બજાજ ચેતક ઈલેક્ટ્રિક વાહન નંબર (GJ-01-YF-1234) શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહ્યું હતું. આ વાહન પર બે યુવકો હતા. પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આ વાહનને અટકાવ્યું હતું અને સઘન તપાસ હાથ ધરી હતી. પોલીસે જ્યારે વાહનની ડેકી (ડિ) ખોલીને તપાસ કરી, ત્યારે ખાખી વર્દીધારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા.

**અમદાવાદ ગ્રામ્ય LCBની મોટી કાર્યવાહી**

## 'જય ખોડીયાર હોટેલ' પર દરોડો પાડી 10 લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો

અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં દારૂ અને જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓ પર લગામ કસવા માટે પોલીસ તંત્ર દ્વારા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. પોલીસ મહાનિરીક્ષકશ્રી રાઘવેન્દ્ર વત્સ અને અમદાવાદ ગ્રામ્ય પોલીસ અધિક્ષકશ્રી ઓમ પ્રકાશ જાટની કડક સૂચનાઓના આધારે, એલસીબી (LCB) પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી આર.એન. કરમટીયાના માર્ગદર્શન હેઠળ પોલીસે એક મોટી સફળતા હાંસલ કરી છે. નળસરોવર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડીને પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરી છે.



પેટ્રોલીંગ દરમિયાન LCBના એ.એસ. આઈ. જયદીપસિંહ વાઘેલા અને હેડ કોન્સ્ટેબલ ઈસ્માઈલબેગ મિરઝાને ચોક્કસ અને આધારભૂત બાતમી મળી હતી. આ બાતમીના આધારે નળસરોવર પોલીસ સ્ટેશન હદ વિસ્તારના મોજે-કુમારખાણ ગામથી શાહપુર ગામ તરફ જવાના રોડ પર આવેલ 'જય ખોડીયાર હોટેલ'ના કમ્પાઉન્ડમાં અચાનક રેડ પાડવામાં આવી હતી. પોલીસના આ આકસ્મિક દરોડાથી બુટલેગરોમાં ચકચાર મચી ગઈ હતી. પોલીસે સ્થળ પર તપાસ કરતા શંકાસ્પદ હાલતમાં ઊભેલી એક હ્યુન્ડાઈ ક્રેટા ગાડી (નંબર: GJ-08-CC-0891)માંથી ગેરકાયદેસર રીતે વહન કરાઈ રહેલો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો ઝડપાઈ આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી જ ચાર આરોપીઓને દબોચી લીધા હતા. આ સફળ અને પ્રશંસનીય ઓપરેશન LCB PI આર.એન. કરમટીયાના માર્ગદર્શન હેઠળ PSI આર.બી. રાઠોડ, ASI જયદીપસિંહ વાઘેલા, ASI રાજુજી ઠાકોર, ASI કપીલદેવસિંહ વાઘેલા, HC કુલદીપસિંહ ઝાલા, HC ઈસ્માઈલબેગ મિરઝા, HC અનુપસિંહ સોલંકી, HC હિમાંશુભાઈ પરમાર, HC છત્રસિંહ સોલંકી, HC કુલદિપસિંહ ચૌહાણ અને PC ચમનભાઈ જાદવ દ્વારા સંયુક્ત રીતે પાર પાડવામાં આવ્યું હતું.

## નિરમા યુનિવર્સિટીમાં NSUIનો ભારે હોબાળો: પ્રોફેસરના રાજીનામાની માંગ સાથે વિધાર્થીઓ રસ્તા પર!

અમદાવાદ

અમદાવાદની ખ્યાતનામ અને પ્રતિષ્ઠિત ગણાતી નિરમા યુનિવર્સિટી ખાતે હાલ ભારે વિવાદના વાદળો ઘેરાયા છે. યુનિવર્સિટી પરિસરમાં એસયુઆઈ (NSUI) દ્વારા અત્યંત આક્રમક અને ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થી સંગઠન દ્વારા ખુલ્લેઆમ માંગ કરવામાં આવી છે કે વિવાદોમાં ઘેરાયેલા પ્રોફેસર એચ.કે. પટેલ તાત્કાલિક પોતાના પદ પરથી રાજીનામું આપે. આ વિરોધ પ્રદર્શનને કારણે શૈક્ષણિક જગતમાં ભારે ખળભળાટ મચી ગયો છે. નિરમા યુનિવર્સિટીના કેમ્પસ બહાર NSUIના કાર્યકરો અને અસંખ્ય વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ભેગા થયા હતા. વિદ્યાર્થી નેતાઓએ સૂત્રોચ્ચાર કરીને યુનિવર્સિટી પ્રશાસન સામે રોષ ઠાલવ્યો હતો. તેમનું સ્પષ્ટ કહેવું છે કે જ્યાં સુધી પ્રોફેસર એચ.કે. પટેલ રાજીનામું નહીં આપે અથવા તેમને સસ્પેન્ડ કરવામાં નહીં આવે, ત્યાં સુધી આ આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

**અમદાવાદમાં નકલી વિદેશી દારૂના કૌભાંડનો પર્દાફાશ**

## 1500ની દારૂની બોટલ પાંચ હજાર રૂપિયાથી વધુમાં વેચવાનો ખેલ ઝડપાયો

અમદાવાદ

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે બુટલેગરો દ્વારા આચરવામાં આવતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓની હદ વટાઈ ચૂકી છે. અમદાવાદ શહેરના ઠક્કરબાપાનગર વિસ્તારમાં ચાલતા એક ચોંકાવનારા નકલી વિદેશી દારૂના કૌભાંડનો અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે. મોંઘી બ્રાન્ડની ખાલી બોટલોમાં સસ્તો દારૂ ભરીને ગ્રાહકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી રહી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના ઝોન-5 અને ઝોન-4 ની ટીમોએ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ઠક્કરબાપાનગર ખાતે આવેલા એક મકાન પર અચાનક દરોડા પાડ્યા હતા. આ દરોડા દરમિયાન પોલીસ





ટીમે સ્થળ પરથી એક મુખ્ય આરોપીને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. જોકે, આ કૌભાંડના મોટા નેટવર્કમાં સંડોવાયેલા અન્ય ત્રણ સાગરીતો હાલ ફરાર છે, જેમની શોધખોળ માટે પોલીસ દ્વારા સઘન ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે આરોપીઓ દ્વારા આર્થિક લાભ મેળવવા અને રાતોરાત માલામાલ બનવા માટે આ ઘાતક ષડયંત્ર રચવામાં આવ્યું હતું. બજારમાં પંદરસો રૂપિયાની કિંમતે વેચાતી દારૂની બોટલોને બદલીને, અસલી નામાંકિત બ્રાન્ડની ખાલી બોટલો એકત્ર કરવામાં આવતી હતી. આ ખાલી બોટલોમાં સાવ સસ્તો અને હલકી કક્ષાનો દારૂ ભરીને ગેરકાયદેસર રીતે રી-ફિલિંગ કરવામાં આવતું હતું. ત્યારબાદ ગ્રાહકોને અસલી બ્રાન્ડના નામે ભ્રમિત કરીને પાંચ હજાર રૂપિયા કે તેથી વધુના ભારેખમ ભાવે આ નકલી દારૂ વેચવામાં આવતો હતો. પોલીસે દરોડા દરમિયાન સ્થળ પરથી મોટા પ્રમાણમાં ગુનાહિત સામગ્રી જપ્ત કરી છે. જેમાં 47 અલગ અલગ અસલી બ્રાન્ડની નકલી ભરેલી બોટલો ઉપરાંત 322 ખાલી બોટલો, 118 ક્વાર્ટર અને 293 ઢાંકણાંનો જથ્થો કબજે કરવામાં આવ્યો છે.

**'AMCને હવે કેવી ગાળ આપું એ નથી સમજાતું!'**

## મકરબાના ભંગાર રસ્તાઓ પર ત્રાસેલા વાહનચાલકનો બેફામ આક્રોશ!

અમદાવાદ

'વિકસિત ગુજરાત અને સ્માર્ટ સિટી અમદાવાદના દાવાઓ વચ્ચે મકરબાના રસ્તાઓ પર નીકળવું એટલે મોતને આમંત્રણ આપવા સમાન છે! ખાડાઓથી ભરેલા આ માર્ગોની દયનીય હાલત જોઈને હવે સામાન્ય પ્રજા અને વાહનચાલકોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો છે!'

ગુજરાતની આર્થિક અને વાણિજ્યિક રાજધાની ગણાતા અમદાવાદ શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની કામગીરી સામે સવાલો ઉભા કરતી એક ઘટના સામે આવી છે. શહેરના મકરબા વિસ્તારમાં રસ્તાઓની અત્યંત ખરાબ અને જર્જરિત હાલતને લઈને એક વાહનચાલકે કેમેરા સામે પોતાનો ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. વાહનચાલકે ગુસ્સામાં કહ્યું કે, 'AMCને હવે કેવી ગાળ આપું એ નથી સમજાતું!' વાહનચાલકના આ નિવેદનથી રસ્તાની હાલતને લઈને લોકોમાં રહેલો રોષ સ્પષ્ટ જોવા મળી રહ્યો છે.

મકરબા વિસ્તારમાંથી રોજબરોજ પસાર થતા વાહનચાલકો માટે રસ્તાની હાલત મોટી મુશ્કેલી બની હોવાની ફરિયાદો સામે આવી રહી છે. માર્ગ પર જોવા મળતા ખાડાઓને કારણે વાહનચાલકોને વાહન ચલાવતી વખતે સતત સાવચેતી રાખવી પડે છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, રસ્તાની ખરાબ હાલતના કારણે વાહનોને પણ નુકસાન થવાની સમસ્યા સર્જાય છે. ખાસ કરીને બાઈકચાલકો અને નાના વાહનો માટે ખાડાઓ જોખમી બની શકે છે.

અમદાવાદને સ્માર્ટ સિટી તરીકે વિકસાવવાના દાવાઓ વચ્ચે મકરબા વિસ્તારના રસ્તાઓની હાલતને લઈને હવે સ્થાનિક સ્તરે સવાલો ઉઠી રહ્યા છે.

નાગરિકોનો સવાલ છે કે જો શહેરમાં વિકાસના કામો થઈ રહ્યા છે તો મકરબા જેવા વિસ્તારોના રસ્તાઓની સ્થિતિમાં કાયમી સુધારો ક્યારે આવશે?

રસ્તાઓનું સમારકામ થયા બાદ ફરીથી રસ્તા તૂટી જવા અંગે પણ સ્થાનિક સ્તરે ફરિયાદો અને સવાલો ઉઠતા રહ્યા છે.

**નિકોલમાં ભુવા નહીં, ભ્રષ્ટાચારના ખપ્પર ધમધમે છે**

## ચાર દિવસમાં ત્રણ મોટા ભુવા પડતા જનતામાં રોષનો આસમાની ઉભરો!

અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા ગીચ અને વિકસિત ગણાતા નિકોલ વિસ્તારમાંથી તંત્રની ઊંઘ ઉડાડી દે તેવા અને ભ્રષ્ટાચારની પોલી ખોલી નાખતા અત્યંત સનસનાટીભર્યા સમાચાર સામે આવી રહ્યા છે. નિકોલ વોર્ડમાં માત્ર ચાર જ દિવસની અંદર રોડ પર એક પછી એક ત્રણ મોટા ભુવા (સિંકહોલ) પડવાની ઘટનાએ સમગ્ર પંથકમાં હાહાકાર મચાવી દીધો છે. પ્રજાના જીવને



જોખમમાં મૂકતી આ બેદરકારી સામે હવે સ્થાનિક નાગરિકો અને કોંગ્રેસ સમિતિએ તંત્ર સામે આરપારની લડાઈ લડી લેવાનો હુંકાર કર્યો છે. નિકોલ વિસ્તારમાં વિકાસના મોટા-મોટા દાવા કરનાર મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓની પોલ હવે સરાજાહેર ખુલ્લી પડી ગઈ છે. સ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે રોડ પર વાહનચાલકો માટે મોતની ડાકિન નાચતી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે: ૧. પ્રથમ ભુવો: ચાર દિવસ અગાઉ ભક્તિ સર્કલ પાસે પડેલો ભુવો હજુ સુધી રિપેર કરવામાં આવ્યો નથી, જેના કારણે અકસ્માતોની વણઝાર સર્જાઈ છે. 2. બીજો ભુવો: સારથી ગેલેક્સી સામે, ઓમકારેશ્વર સર્કલ પાસે રોડ બેસી જવાથી બીજો મોટો ભુવો પ્રગટ થયો. 3. ત્રીજો ભુવો: તાજેતરમાં સરદાર પટેલના બાવળા પાસે, જીવનવાડી, નિકોલ ખાતે ત્રીજો ભુવો પડતા વાહનચાલકો અને રાહદારીઓમાં ભારે ભય અને ફફડાટ ફેલાઈ ગયો છે. સ્થાનિક નાગરિકોનો આક્ષેપ છે કે આ રોડ હલકી ગુણવત્તાવાળા મટીરિયલ્સથી અને ભ્રષ્ટાચારની મિલીભગતથી બનાવવામાં આવ્યા છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI